Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

## પર્યુષણનું મનન

સામાઇકमाइअं सुअनाणं जाव बिंदुसाराओ ।
तस्स हि सारो चरणं, सारो चरणस्स निव्वाणं ॥

*

સામાયિકથી માંડી ચૌદમા લોક બિંદુસાર પૂર્વ સુધી શ્રુતજ્ઞાન છે,
તેનો સાર ચારિત્ર છે, અને તે ચારિત્રનો સાર મોક્ષ છે.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૭ | અષાઢ-શ્રાવણ | આત્મ સંવત ૯૪ |
| અંક : ૯–૧૦ | જુલાઇ-ઓગષ્ટ | વીર સંવત ૨૫૧૫ |
| | ૧૯૯૦ | વિક્રમ સંવત ૨૦૪૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| (૧) | શ્રી નવકાર મંત્રનો જાપ ગણનારના સુંદર આદર્શ જીવનનું ગીત | — | ૧૨૫ |
| (૨) | પર્યુષણનો મંગલ સંદેશ | પંન્યાસ પ્રવર શ્રી શીલચન્દ્રવિજયજી મહારાજ સાહેબ | ૧૨૭ |
| (૩) | વિધિયોગે રે આરાધના કરીએ | પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ | ૧૩૫ |
| (૪) | પુણ્ય-પાપની બારી | પ. પૂ. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ | ૧૪૦ |
| (૫) | વ્યાખ્યાન | પ. પૂ. શ્રી રત્નસુંદરજી મ. સાહેબ | ૧૪૨ |
| (૬) | ભગવાન મહાવીરના નામ | ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૪૪ |
| (૭) | શ્રાવકના ૨૧ ગુણ | પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા | ૧૪૬ |
| (૮) | સમાચાર | — | |



## આવતો અંક

"આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક તા. ૧૬-૧૦-૯૦ના રોજ બે માસનો સંયુક્ત અંક બહાર પડશે.

### આપણે જ આપણા ચોકીદાર

० પેલા કરોડપતિનું કબરમાં દટાયેલું શબ કહી રહ્યું હતું કે મારી પાસે તો બંધુય હતું છતાં મને એકલાને અહીં કોણ મૂકી ગયું? એના જવાબમાં કવિ કહે છે; તને તારા કોઇ દુશ્મનો અહીં મૂકી ગયા નથી, તારા ઘરના લોકો જ, તારા સ્વજનો જ તને અહીં મૂકી ગયા છે.

० મોતની સામે બહારનું કોઇ આવીને તમને રક્ષણ આપી શકવાનું નથી. તમારા વિચારો જ તમને મોતના ભય સામે રક્ષણ આપી શકશે. અને મોત અંગે આવે ત્યારે એને પ્રેમથી સત્કારવા તત્પર રહી શકો એવી તાકાત તમને આપી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

# પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૬ના ભાદરવા શુદિ ૧૨ તા. ૨–૯–૯૦ રવિવારના રોજ સવારના ૧૧–૦૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :-

(૧) તા. ૧૭–૯–'૮૯ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(૨) તા. ૩૧–૩–'૯૦ સુધીના ઓડિટ થયેલ આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ પર મૂકેલ છે.

(૩) તા. ૧–૪–'૯૦થી તા. ૩૧–૩–'૯૧ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,

તા. ૧૬–૮–'૯૦
ભાવનગર.

પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કાન્તીલાલ રતીલાલ સલોત
માનદ મંત્રીઓ.

તા. ક. :– આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તેજ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

## શ્રી નવકાર મંત્રનો જાપ ગણનારાના ................ સુંદર આદર્શ જીવનનું ગીત

નવકાર મંત્રની હો માળા છે હાથમાં
સુખમાં છકાય નહિં દુઃખમાં રડાય નહિં
ભકિત ભુલાય નહિં હો... માળા છે ॥૧॥

ધન સંઘરાય નહિં એકલા ખવાય નહિં
મમતા રખાય નહિં હો..માળા છે ॥૨॥

જુઠું બોલાય નહિં, ચોરી કરાય નહિં
કોઈને ઠગાય નહિં હો...માળા છે ॥૩॥

ક્રોધ કરાય નહિં કોઇને દુભાય નહિં
કોઇને નિંદાય નહિં હો...માળા છે ॥૪॥

હું પદ ધરાય નહિં પરને પીડાય નહિં
પાપને પોષાય નહિં હો...માળા છે ॥૫॥

કુદૃષ્ટિ કરાય નહિં આળ દેવાય નહિં
ચાડી ખવાય નહિં હો....માળા છે ॥૬॥

અભક્ષ્ય ખવાય નહિં ટી.વી. જોવાય નહિં
તિલક લજવાય નહિં હો...માળા છે ॥૭॥

રાત્રે ખવાય નહિં હોટલમાં જવાય નહિં
બરફ ખવાય નહિં હો..માળા છે ॥૮॥

નીતિ છોડાય નહિં ફરજ ચુકાય નહિં
ભોગમાં ફસાય નહિં હો....માળા છે ॥૯॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલ્યું ફેરાય નહિં આકરૂં બોલાય નહિં
ઉદ્ભટ્ટ વેષ પહેરાય નહિં...માળા છે ॥૧૦॥

કુળ લજવાય તેવું ધર્મ નિંદાય તેવું
કામ કરાય નહિં હો. માળા છે ॥૧૧॥

પૂજા ચુકાય નહિ વ્યાખ્યાન મુકાય નહિં
નવકારસી કરાય સહિ હો...માળા છે ॥૧૨॥

કર્મોને તોડવા દોષોને ટાળવા
નકવાર ગણાય સહિ હો..માળા છે ॥૧૩॥

ધર્મ વિસરાય નહિં નવકાર ભુલાય નહિં
ભવસાગર તરાય સહિ હો...માળા છે ॥૧૪॥

નિશ્રા મુકાય નહિં વિધિ ભુલાય નહિં
મુકિત પમાય સહિ હો...માળા છે. ॥૧૫॥

## નવકાર મંત્રના પ્રભાવનું ગીત

નવકાર મંત્રનો મહિમા મોટો સુણજો નરને નાર રે,
હૃદયે રાખી રટણ કરો તો થાયે બેડો પાર રે.
નમો અરિહંતાણં નમો નમો, નમો નમો સિદ્ધાણં નમો નમો,

શેઠ સુદર્શન મંત્ર જપ્યા એને મળ્યો મંત્રનો લ્હાવ રે
સુળી સિંહાસન બની ગઈ ત્યાં કેવો અજબ પ્રભાવ રે
મહિમા મોટો મંત્ર તણો આ ઉતારે ભવ પાર રે...હૃદયે

કર્મ પ્રભાવે થયા કોઢીયા રાય શ્રીપાળ સલુણા
ચમત્કાર નવકાર મંત્રનો કીધા આંબેલ અલુણા
સુંદરતા પામ્યા પછી ત્યાં તેજ ક્ષણે તે વાર રે..હૃદયે
નવકાર મંત્રનો મહિમા મોટો સુણજો નરને નાર રે....હૃદયે
જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામિદુક્કડં

---

ભાવનગરના આંગણે નું ચાતુર્માસ પધારેલ પુ૦ આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ની શુભ નિશ્રામાં રોજ એક હજાર આરાધકોએ નવકાર મંત્રની એક માળાના જાપનો પ્રારંભ કર્યો તેની સ્મૃતિ નિમિત્તે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણનો મંગલ સંદેશ

પંન્યાસ પ્રવર શ્રી શીલચન્દ્રવિજયજી મહારાજ સાહેબ

૧

માનવને મન મળ્યું છે, સારું વિચારવા માટે. જીભ મળી છે, સારું બોલવા માટે, દેહ મળ્યો છે, સારું આચરવા માટે.

માનવજીવનની આ બલિહારી છે.

અને છતાં માનવને સુખ નથી. આ ત્રણે વસ્તુનો દુરૂપયોગ કરીને એણે પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. આપબુરાઈએ મેલું બનેલું એનું મન પોતાના મેલ ધોવા-ઢાંકવા બીજાના દોષ ઢાંકવાનો આશરો લે છે. ચોરનો મિત્ર ચોર હોય એમ.

પારકી નિંદા કરી કરીને કર્કશ બનેલી એની જીભ આત્મશ્લાઘાના ગંદા તેલમાં સ્નિગ્ધ થવા મથે છે. જાણે ચોરને શાહુકાર દેખાવું છે.

અકાર્યો આચરીને અશુદ્ધ બનેલો એનો દેહ ધર્માચરણના નામે દંભની લીલા આચરે છે. તળાવની પાળે ઊંચું માથું રાખીને બેઠેલાં બગલાનું માનવદેહે રૂપાંતર.

પરિણામે એનું જીવન પશુજીવનથી યે બદતર બની ગયું છે. હાથનાં કર્યાં એને હૈયે વાગ્યાં છે. પોતે જ ફેલાવેલી-કરોળિયાનાં જાળા જેવી-આ જ જાળ એને ભરામી થઈ પડી છે. સાપે છછુંદર ગળ્યાં' જેવી એની દશા છે. ન વિછાતું ન ભોકતું,-આ જંજાળને એ છોડી શકે તેમ નથી, અને એનો એને હવે ખપ પણ નથી. એ અસહાય બનીને હવે વિચારી રહ્યો છે : રે! હવે શું કરવું.

આવે વખતે અસહાયને સહાય કરવાનું સદાવ્રત ખોલીને બેઠેલા ધર્મગુરુઓ એની વહારે ધાય છે. તેઓ એને સમજાવે છે : ભલા ! તું મુંઝાય છે શા માટે ? ખરાબ કરણી ઘણી કરી એનાં બૂરા ફળ પણ અનુભવ્યાં, હવે થોડી સારી કરણી કર. ભગવાન મહાવીરે ઉપદેશેલી સાધનાના દિવસો પર્યુષણા આવ્યાં છે. હવે મનને વશ રાખવાનો પ્રયત્ન કર. મનમાં રાગ-દ્વેષ જેવું અશુભ તત્ત્વ પ્રવેશી ન જાય તેની તકેદારી રાખ. કેમ કે કલેશયુક્ત મન દુઃખની પરંપરા વધારે છે, કલેશમુક્ત મન સુખની.

અને લુલીબાઇને લગામ બાંધી દે. એ અદક પાંસળીના જોરે ઘણાં ખત્તા ખાધાં. ઘણી પીડા વેઠી. હવે એને કહી દે કે : લુલીબાઈ! 'હવે મોજ કરો. આ બંમાતી તાળામાં પૂરાઇને, આજ સુધી પારકી પટલાઇ ઘણી કરી, હવે પગતળે પરજળતી લા[illegible]ને જોવાના ને ઠારવાના દિવસો આવ્યા છે.

શરીરને પણ નિયમનમાં મૂક. તપ કર તનમનના મેલને તપાવે ને ચૂવે એનું નામ તપ. રે માનવ! યાદ રાખ કે સ્વેચ્છાએ મૂકેલું નિયમન 'બંધન' નથી. આ નિયમન તારા મનને નિર્મળ બનાવશે. તારી આંખને નિર્વિકાર કરશે. તારાં તનને નીરોગિતા આપશે. અને તારાં આત્માને ઉન્નતિ તરફ લઇ જશે.

આત્માના ઉદાત્ત ગુણોની છાયામાં સારી રીતે રહેવું, એનું નામ પર્યુષણા. ભલા માનવ! મન, જીભ ને દેહને વશ કરીને તું એ ઉદાત્ત ગુણોનું સામીપ્ય પામી શકીશ. અને એમ થતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ તારી અસહાય અવસ્થાનો આપો આપ અંત આવશે.

અસહાય દશાનો અંત આણવા ઉદ્યમ કરીએ.

મન, જીભ, દેહને વશ કરવાનો સંકલ્પ કરીએ.

પર્યુષણાની મહાન સાધના કરવા કટિબદ્ધ બનીએ.

૨

માનવીને આજે ક્યાંય ચેન નથી. એને સુખનો સંતોષ નથી, ને એનાદુઃખનો અંત નથી.

સમગ્ર સંસાર એને મતલબી ભાસે છે, ચોગરદમ ફેલાયેલી સ્વાર્થની બદબો એના દિલને પરેશાન કરે છે. એ જ્યાં સુખની આશાએ દોટ મૂકે છે, ત્યાં એને ઘોર નિરાશાની ભેટ મળે છે.

અને-એમો અજંપો વધી જાય છે. હતાશાની ભીંત એની શાન્તિની વચ્ચે અવરોધ બનીને ખડી થાય છે. પરિણામે-એ ભારે મુંઝવણમાં મૂકાય છે. સાચી શાન્તિ કયાં મળે? આ પ્રાણ-પ્રશ્ન એને ગુંગળાવી મૂકે છે. અને 'શાન્તિની શોધ' એ એનું-માનવમાત્રનું અનિવાર્ય કાર્ય બની જાય છે.

આ પ્રાણપ્રશ્નનો જવાબ છે: સામાયક, ભગવાન મહાવીરે ચીંધેલો સામાયિકનો સાત્ત્વિક માર્ગ માનવને શાન્તિના સાંનિધ્યમાં જરૂર લઇ જઇ શકે.

સામાયિક એટલે સમતાની સાધના. સામાયિક એટલે મમતાનું મારણ. મનમાં મમતા ભરીને તનવડે સમતાનો ડોળ કરનારનું સામાયિક માયાનો દંભનો એક ઉમદા પ્રકાર છે.

મનથી અસત્ય ચિંતવવું નહિ, વચનથી અસત્ય બોલવું નહિ, ને શરીરથી અસત્ પ્રવૃત્તિનો ત્યાગ કરવો:- સામાયિકની આ ત્રણ પ્રાથમિક શરતો છે. મન-વચન-કાયાને શુભ પ્રવૃત્તિમાં યોજવા, એ સામાયિકનું મુખ્ય ધ્યેય છે.

સવાલ એ થાય છે કે આ શકય કેમ બને? જીવ જંજાળી છે. સંસારની સેંકડો જળોજથામાં એ ગળાબૂડ છે. એમાં એ સમતા કેમ રાખી શકે?

સંતો કહે છે કે: ભાઇ! એના પણ રસ્તા છે. માતેલા સાંઢને ગળે લાકડું ભેરવ્યું હોય, ને પગે દોરડુ બાંધ્યું હોય તો ય એ લંગડાતે પગે ચાલીને થોડું થોડું ચરી લે છે. એમ સંસારની માયામાં રાચ્યો પાચ્યો જીવ પણ પર્યુષણા જેવા પવિત્ર દિવસે ધર્મસ્થાનોમાં જઈને ઘડી બે ઘડીની સમત્વસાધના 'ધારે તો' કરી શકે છે.

કેટલાંક માને છે કે 'મન ચંગા તો કથરોટ મેં ગંગા,' ઘરે બેઠાં આ શા માટે ન થાય?' એમને જરા પૂછવું છે કે-ભલા? વ્યાપાર વણજ ઘેર બેઠાં કાં નથી કરતાં! બજારમાં પેઢીએ કે દુકાને શા માટે જવું જોઇએ? કહો કે-ત્યાંનું વાતાવરણ જ નિરાળું હોય. ત્યાં જઇએ તો જ વ્યાપારની સૂઝ પડે. તો જ ચિત્ત એમાં પરોવાય.

આ જ એમના પ્રશ્નો પણ જવાબ છે. રે! મનને પવિત્ર કરવા માટે વાતાવરણ શુભ-શુદ્ધ નહિ જોઈએ? જેવું વાતાવરણ તેવી ભાવના. ધર્મસ્થાનનું વાતાવરણ પાવિત્ર્યસભર છે, તો ત્યાં ગયેલો જંજાળી જીવ પણ અવશ્ય સમત્વ-સાધના કરી શકવાનો.

ઘડી-બે ઘડી કરેલી એ સમત્વની સાધનાએ એ જંજાળી જીવનો અંજપો હળવો બને છે. શાન્તિ એને સુલભ બને છે. દુઃખનો ભાર ઓછો થાય છે ને સુખનો પ્રકર્ષ થાય છે.

પર્યુષણાપર્વના બીજા દિવસે સમત્વની સાધના કરવા પ્રયત્ન કરીએ.

૩

ચોમાસું બેઠું ને વરસાદ શરુ થયો, પર્વ આવ્યું ને આરાધના આરંભાઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેઘરાજા વરસ્યાં ને ધરતી હસી ઉઠી. આરાધના થઈ, ને મન-મોરલાએ શાન્તિની મસ્તી અનુભવી.

પર્વના મહિમા અજબ છે. પર્વના પ્રભાવે–નિર્દય હૈયામાં દયાના ભાવ જાગે. કંજુસ પણ દાન કરવા પ્રેરાય. અને ભલભલાં ખાઉધરા જીવને-ય તપ કરવાનું મન થાય.

પર્વની આરાધનાના અનેક પ્રકાર છે. કોઈ તનથી આરાધના કરે. કોઇ મનથી કરે. કોઇ ધનથી કરે. જેવી જેની ભાવના એવી એની આરાધના.

સ્વસ્થ નીરોગી શરીરવાળાં જીવો તપ કરે છે. કોઇ આઠ ઉપવાસ, કોઇ પંદર ઉપવાસ, તો કોઇ મહિનાના ઉપવાસ કરે છે. બાહ્ય દૃષ્ટિએ ઉકાળેલાં પાણી સિવાયની તમામ ખાદ્ય પેય વસ્તુઓનો, અને અભ્યંતર દૃષ્ટિએ હૈયાંની મલિન વૃત્તિઓનો ત્યાગ એનું નામ તપ.

કેટલાંક 'મન'થી પર્વની આરાધના કરે છે. તેઓ નિશ્ચય કરે છે કે 'વધુ નહિ તો આ પર્વના દિવસોમાં તો મનને ઠેકાણે રાખીશું.' એ ક્રોધી હશે તો સમભાવ કેળવાશે. ભૂલમાં ય કયાંય ગુસ્સો ન થઈ જાય તેની ચીવટ રાખશે. અભિમાની હશે તો નમ્ર બનવા મહેનત કરશે. કપટી હશે તો સરળ બનશે. આઠ દિવસ દરમિયાન કોઇને છેતરવાની વૃત્તિ મનમાં ન પેસે તેની કાળજી કરશે અને લોભી હશે તો સંતોષી બનશે. રે ! બીજા દિવસોએ કરેલાં પાપ ધોવાના દિવસોને 'પર્વ' કહેવાય છે. પર્વના દિવસે પાપ કરશે તો એ કેમ છૂટશે ? યાદ રહે કે 'પર્વદિને કરેલું પાપ વજ્રલેપ' બને છે.

કેટલાંક એવા પણ છે. જે તનથી તપ કરી શકતા નથી. અને લઘુ જંજાળને કારણે મનની સ્થિરતા પણ એ સાધી શકતા નથી. એ લોકો 'ધન'થી પર્વ આરાધે છે. એની પાસે ધન છે. વગ છે. શક્તિ છે. એના વડે એ 'અમારિપ્રવર્તન' કરાવે છે. કતલખાના જેવાં મહાન પાપસ્થાનકોને એ 'પર્વ' પૂરતાં બંધ કરાવે છે. પર્વમાં કરવાનું આ એક શ્રેષ્ઠ કર્તવ્ય છે. અબોલ પ્રાણીઓને અભયદાન મળે, એથી ઉત્તમ બીજું કયું કાર્ય હોય ભલા ?

એ સાધર્મિક ભક્તિ પણ કરે છે. સાધર્મિક એટલે સમાન ધર્મી, ગા વાળે તે ગોવાળ, એમ ધર્મ કરે તે સાધર્મિક, એમાં મારાં–તારાંના ભેદને સ્થાન નથી. ગરીબ-તવંગરનું એમાં આંતરું નથી. એ સાધર્મિકને હરેક પ્રકારે સહાય કરવી, એનું નામ સાધર્મિક ભક્તિ. આ પણ ધનસાધ્ય કાર્ય છે.

આવાં બીજાં પણ સત્કાર્યો એ કરે છે, ને એ રીતે પર્વની આરાધના કરે છે. રે ! પર્વ તો નદી છે. પુણ્યનાં મીઠાં પાણીનો અસ્ખલિત પ્રવાહ એમાં વહ્યો જાય છે. જેની જેવી તાકાત, એટલું પાણી એ લે. ઘડાવાળો ઘડો ભરે, ને પ્યાલાવાળો પ્યાલો ભરે. લેનાર લેતાં થાકે, પણ નદી આપતાં નહિ થાકે.

ખરાં ભાવથી પર્વની આરાધના કરનારો જીવ 'હળવો' બને છે.

બૂરા ભાવથી – દંભથી આરાધના કરનારો જીવ ભારે બને છે.

આત્માની ઉપાસનાના ત્રીજા દિવસે 'હળવા' બનવાનો નિર્ધાર કરીએ.

૪

પર્યુષણા એટલે પુણ્યનું પોષણ.

પર્યુષણા એટલે પાપનું શોષણ.

જે દિવસોમાં કરેલાં કર્તવ્યો પુણ્યને પોષે, ને પાપને શોષે, એ દિવસોનું નામ પર્યુષણા, આ કર્તવ્યોમાંનું એક પરમ કર્તવ્ય છે: કલ્પ-સૂત્રનું વાચન અને શ્રવણ.

કલ્પસૂત્ર એ જૈનોનું પૂજ્ય-માન્ય આગમ-શાસ્ત્ર છે. જેમ હિન્દુધર્મમાં ગીતા, અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇસ્લામમાં કુરાન, તેમ જૈન ધર્મમાં કલ્પસૂત્ર, જૈનો એને હૈયાના હોંશથી પૂજે છે. પૂરી શ્રદ્ધાથી સાંભળે છે. કારણ-એમાં ચોવીશ તીર્થંકરોના ચરિત્રો છે. તેમા યે ખાસ કરીને ભગવાન મહાવીરના જીવનનું એમાં વિશિષ્ટ દર્શન છે. એમના લોકોત્તર ગુણોનું એમાં મીઠું સ્મરણ છે, વ્હાલાનાં દર્શન કરતાં ય એના જીવનનું સ્મરણ-શ્રમણ ભાવિક હૈયાંને વધુ આહ્લાદ આપે છે. સાચાં ભક્તને પ્રિયજનના ગુણકીર્તન પ્રિયજન જેવાં જ મીઠાં લાગે છે.

દેવ કરતાં યકીન મોટી ચીજ છે, એમાં પણ બુદ્ધિની સંગત મળે, તો ઓર રંગત જામે છે. જૈનો કલ્પસૂત્રનું શ્રવણ તર્કસંગત શ્રદ્ધાથી કરે છે. એમની વિવેક બુદ્ધિ એમને સમજાવે છે : 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ'. જેવો માણસ હોય એવી તેના બોલની કિંમત અંકાય. આ કલ્પસૂત્ર એ શાસ્ત્ર છે. એના પ્રણેતા છે-યુગપ્રધાન આચાર્ય ભદ્રબાહુસ્વામી. એમનું રચેલું શાસ્ત્ર અસત્ય હોઈ શકે નહિં. એમના વચન પર અશ્રદ્ધા રાખવી, એ પોતાની જાત પર અવિશ્વાસ રાખવા બરાબર છે.'

અને શ્રદ્ધા તો માનવમાત્રનું જીવનતત્ત્વ છે. સફળતા મેળવવાનું પ્રબળ સાધન છે. આવી શ્રદ્ધા ધરાવનારા જૈનો કલ્પસૂત્ર દત્તચિત્તે સાંભળે છે. એના ઉપદેશને જીવનસાત્ કરવાનો ઉદ્યમ કરે છે શાસ્ત્રો કહે છે! એકાગ્રચિત્તે. પૂરી શ્રદ્ધાથી કલ્પસૂત્રનું એકવીસ વાર શ્રવણ કરનાર જીવ પરમપદ મેળવવાને લાયક બને છે, એનું જીવન ઉર્ધ્વગામી બને છે.

આજે ઉપાશ્રયે જનસમૂહથી ઉભરાશે. ભાવિકો કલ્પસૂત્રની પૂજા કરશે. ગુરુજનના આશીર્વાદ લેશે પછી ધર્મગુરુઓ કલ્પસૂત્રના વાચનનો મંગલ પ્રારંભ કરશે. જૈન મુનિઓના આચારનું વર્ણન એમા આવશે. અને તે પછી ભગવાન મહાવીરનું ચરિત્ર કહેવાશે.

ભગવાન મહાવીરનું જીવન અદ્‌ભુત છે, રોમાંચક છે. સારી-માઠી કરણીના સારાં-માઠાં ફળોનું એકત્રીકરણ એટલે મહાવીરસ્વામીનું જીવન. ઘણી સારી કરણીના પ્રતાપે એ તીર્થંકર તો થયાં, પણ એ સાથે થઇ ગયેલી થોડીક માઠી કરણીના પરિણામોથી એ 'તીર્થંકર મહાવીર' પણ બાકાત નથી રહ્યા. કર્મના કાયદામાં નાના-મોટાની જુદી વ્યાખ્યા નથી. રાય રંકની જુદી સજા નથી. ત્યાં તો 'કરે તેવું પામે' ને 'કરે તે પામે,' આ બે જ શાશ્વત-અટલ નિયમો છે. આ નિયમોના રોમહર્ષક અમલના પ્રસંગો ભગવાન મહાવીરના જીવનમાં વારંવાર આવે છે, આ પ્રસંગોનું રસમય વર્ણન કલ્પસૂત્રના માધ્યમે સાંભળીને જનસમૂહ આનંદ સમાધિમાં લીન બનશે. ઉદાત્ત પ્રેરણાનું અમૃત પીશે

આપણને પણ એ મહાપુરુષના જીવનની પ્રેરણાનું અમૃત પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ.

૫

વિદેહદેશનું ક્ષત્રિયકુંડ નગર છે. ધર્મપરાયણ સિદ્ધાર્થ રાજા છે શીલગુણસંપન્ન દેવી ત્રિશલા એનાં રાણી છે.

રાજા-રાણી બંને સુખી છે. એમનો જીવનરથ નિર્વિઘ્ન રીતે અવિરત ચાલ્યો જાય છે.

એક ધન્ય દિવસની વાત છે, દેવી ત્રિશલા દેવદુર્લભ શયનખંડમાં પોઢ્યાં હતાં. વાતાવરણ પવિત્ર અને પ્રસન્ન હતું. મધ્યરાત્રિનો સમય હતો. એ વખતે ત્રિશલાએ ચૌદ મંગલ સ્વપ્નો જોયા. સ્વપ્નદર્શન થતાં જ એ જાગી ગયાં. સ્વપ્નોનું સ્મરણ કરી તેઓ અનિર્વચનીય આનંદ અનુભવી રહ્યા. તેમણે રાજા સિદ્ધાર્થ પાસે જઇને આ વાત કરી. રાજા પણ આનંદ્યા. બંનેએ શેષ રાત્રિ ધર્મધ્યાનમાં પસાર કરી.

સવાર પડી. નિત્યકાર્યથી પરવારીને રાજાએ રાજસભા ભરી. સ્વપ્નશાસ્ત્રીઓને બોલાવ્યાં. એમનું ઉચિત સન્માન કરીને સ્વપ્નોના ફળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂછયાં. અરસપરસ વિચારોની આપલે કર્યા પછી સ્વપ્નવેત્તાઓએ કહ્યું : રાજન્ ! તમે પરમ ભાગ્યવંત છો. દેવીએ જોયેલાં સ્વપ્નો અદ્ભુત છે એનું ફળ પણ એવું જ અદ્ભુત છે. રાજા સિદ્ધાર્થ ! તમને ધન-ધાન્ય-રાજ્ય સમૃદ્ધિ-કીર્તિ વગેરે દુન્યવી ચીજોના વિપુલ લાભ સાથે એક મહાન પુત્રરત્નનો લાભ થશે. એ પુત્રરત્ન કાં તો ચક્રવર્તી રાજા થશે, કાં તો ધર્મચક્રવર્તી તીર્થંકર. જય હો જ્ઞાતકુલનો.

આ સાંભળી રાજા-રાણી પુલકિત બન્યાં. સ્વપ્નશાસ્ત્રીઓને બહુમાનપુર્વક અખુટ દક્ષિણા આપી વિદાય કર્યા.

રાણી ત્રિશલાને દિવસો રહ્યાં છે છતાં શરીરમાં થાક કે ખિન્નતા નથી નિત્ય નવી જ સ્ફુર્તિનો અનુભવ થાય છે. તેઓ વિચારે છે કે: રે! આપણાં કુલ-આંગણે આવેલાં પનોતાં આત્માનો જ આ પ્રભાવ હશે ને ! અને એમનો આનંદ સાગર હિલોળાં લેવા માંડે છે.

બીજી તરફ-ગર્ભમાં રહેલા જ્ઞાની જીવ વિચારે છે ; મારા હલનચલનથી માતાને પરિપાત થતો હશે માટે મારે હલચલ ન કરવી જોઇએ. આ વિચારને તેમણે તત્કાળ અમલમાં મૂકયો. પણ એથી તો ભારે અનર્થ સર્જાયો. માતા ત્રિશલા માની બેઠાં કે 'મારા ગર્ભનું' અનિષ્ટ થઈ ગયું. એ કાં તો ગળી ગયો, કાં તો મરી ગયો.' અને એ શોકાકુલ થઇ ગયાં. એમની આંખો આંસુઓનો મેઘ વરસાવી રહી. સમગ્ર રાજકુળ ને પ્રજા પણ શોકાર્ત બન્યાં. આનંદ ગાન બંધ થયાં. વાતાવરણમાં સ્મશાનની શાંતિ પથરાઇ.

આનંદ ગાન બંધ થયાં જોઇને પેલાં જ્ઞાની જીવને થયું : અરે ! ઘડી પહેલાંનો આનંદ કલ્લોલ એકાએક કેમ અટકી ગયો ? તરત એમણે જ્ઞાન દષ્ટિનો ઉપયોગ કર્યો. તો પરિસ્થિતિ ભારે વણસી ગઈ લાગી. એમના મનમાં થયું : રે ! હળાહળ કળિકાળના આ અગમ એંધાણ છે. મેં માતાના સુખ માટે કર્યું. એ એમને દુ:ખદાયક નીવડયું. હવે લાગે છે કે ગુણ પણ અવગુણ લાગશે. ને ઉપકારીની ગણના અપકારીમાં થશે.

અને-એક ઉંડો નિ:શ્વાસ નાખીને માતૃભક્તિપ્રેર્યા એ જ્ઞાની જીવે પોતાનું અંગ સ્હેજ હલાવ્યું. એમનું અંગ હલ્યું કે ત્રિશલામાતા હરખી ઉઠયાં, એમનું મ્લાન મુખ પાછું હસી રહ્યું. પોતાની ઉતાવળ માટે એમને પસ્તાવો થયો. ગર્ભની કુશળતાના સમાચાર એમણે સૌને જણાવ્યાં, ને આનંદ ગાન બમણા ઉત્સાહથી શરૂ થઈ ગયાં.

આ પછી પુરે માસે, ચૈત્ર શુદિ તેરશની મધ્યરાત્રિએ દેવી ત્રિશલાએ પનોતા પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્રરત્ન એ જ ભગવાન મહાવીર, દેવ-દાનવ-માનવોએ એમનો જન્મોત્સવ કર્યો. આ મહામાંગલિક પ્રસંગનું બયાન આજે કલ્પસૂત્રના પ્રવચનમાં વર્ણવાશે. એકે એક જૈન એ હોંશે હોંશે સાંભળશે ને આજના દિવસને ભગવાનના જન્મ દિવસની જેમ ઉજવશે.

રે ! વ્હાલાના જીવણ પ્રસંગનું શ્રવણ પણ ભક્તના પાપ સંતાપનો અવશ્ય નાશ કરે છે.

૬

'અભિમાનનાં ફળ મીઠાં પણ હોય છે' એ વાતનો 'જૂની આંખે નવું જોવા' જેવો અનુભવ એ દહાડે ઇન્દ્રભૂતિ ગૌતમે લોકોને કરાવ્યો.

વાત આમ બની : ભગવાન મહાવીર કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પાવાપુરીના આંગણે પધાર્યા હતાં. દેવોએ એમની નિરૂપમ ધર્મસભા રચી હતી એમાં બેસીને ભગવાન ધર્મદેશના સંભળાવી રહ્યાં હતાં. એ સાંભળવા નગરના સેંકડો લોકો જમીન માર્ગે, અને અસંખ્ય દેવો આકાશ માર્ગે ત્વરિતગતિએ જઈ રહ્યા હતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આની જાણ આચાર્ય ઇન્દ્રભૂતિ ગૌતમને થઇ. તેઓ એ જ નગરીમાં થઈ રહેલા એક મહાયજ્ઞમાં ભાગ લેવા પોતાના શિષ્યગણ સાથે આવ્યા હતાં, સાથે બીજા દશ આચાર્યો પણ સપરિવાર હતાં. આ અગ્યારે ય આચાર્યો દિગ્ગજ વિદ્વાન હતા. તેમાં યે ઇન્દ્રભૂતિ તો અદ્વિતીય શાસ્ત્રસર્વજ્ઞ તરીકે સુખ્યાત હતાં. એક દેશ એવો નહોતો જ્યાં એમની ખ્યાતિ પહોંચી ન હોય, એક વિદ્વાન એવો નહોતો, જે એમના નામથી ધ્રુજતો ન હોય, આવાં એ ઇન્દ્રભૂતિને કાને આ વાત આવી કે ગામ બહાર એક સર્વજ્ઞ આવ્યા છે. એમની પાસે આ બધાં જાય છે.

આચાર્ય ઇન્દ્રભૂતિ છળી ઊઠયા એમના 'અહં'ને આ વાતથી જાણ જબ્બર ધક્કો લાગ્યો. એમને થયું : રે ! એક મ્યાનમાં બે તલવાર હોય ખરી ? એમ-એક ગામમાં એકી વખતે બે સર્વજ્ઞનું અસ્તિત્વ સંભવે ખરૂં ? કદી નહિ. અરે, આ કોઇ ધૂર્તશિરોમણિ ઇન્દ્રજાળિયો આવ્યો લાગે છે એ બધાને છેતરી રહ્યો છે.

અને એમનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો એ ઊભાં થઈ ગયાં, ને આ નવા ધૂર્તની સાથે વાદવિવાદ કરી, એને મ્હાત કરી, ઊભી પૂંછડીએ ભગાડી મૂકવાના દઢ નિર્ધાર સાથે તેઓ ચાલી નીકળ્યા સાથે ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. આ ધૂર્ત કેવો હશે ? એને પરાસ્ત કેમ કરવો ? એ વિચારમાં રસ્તો કયારે કપાઇ ગયો તેનું પણ એમને ધ્યાન ન રહ્યુ. તેઓ તે. ભગવાનની ધર્મ-સભામાં આવી પહોંચ્યા ત્યાં ભગવાનને સિંહાસને બેઠેલાં જોયાં કે ઠરી ગયા ધરતી પગ તળેથી ખસતી હોય એવો પળભર એમને ભાસ થયો. એકાએક એમના મનમાં થઈ આવ્યું : હું અહીં ન આવ્યો હોત તો કેવું સારું થાત ! આ તો મેં દીવો લઇને કુવામા પડવા જેવું કર્યું. હવે આની સામે કેમ બોલાશે ? શિવ શિવ શિવ. હવે તો ભોળા શંભુ જ બચાવે.

આ વિચારમાં તેઓ અટવાતાં હતાં. ત્યાં જ રૂપેરી ઘંટડી જેવો ભગવાનનો અવાજ આવ્યો : આવો, ગૌતમ ઇન્દ્રભૂતિ ! આવો તમે ભલા આવ્યાં, હું તમારી જ રાહ જોતો હતો.

આ સાંભળીને ઠંડાગાર થઈ ગયાં. એમને થયું : અરે ! આ તો મને વર્ષોથી ઓળખતો હોય એમ વર્તે છે મારું નામ પણ જાણે છે. ગજબ લાગે છે આ માણસ.

પણ વળતી પળે જ આ વિચારને એમણે ખંખેરી નાખ્યો. એમને થયું : અરે ! મારું નામ કોણ નથી જાણતું ? ભલા, સૂર્યને કોણ ન ઓળખે ? હા, મારા મનની ગૂઢ વાત કહે તો માનું. પણ આ વિચાર પૂરો થાય, તે પહેલાં તો ભગવાનનો મીઠડો સ્વર સંભળાયો : 'હે ગૌતમ ! જગતમાં આત્માનું અસ્તિત્વ છે કે નહીં', આવી શંકા તમને છે, ખરું ? અને એ શંકા તમને વેદવાકયથી થઇ છે ખરું ? પણ ભાઇ ! જરા ઊંડો વિચાર કરો. વેદના જે વાકયથી તમને શંકા થઇ છે. તે જ વેદવાકય આત્માનું અસ્તિત્વ સાબિત કરે છે. એ સ્યાદ્વાદના દષ્ટિકોણથી વિચારશો તો તમારી શંકા આપોઆપ નિર્મૂળ થઇ જશે.' આમ કહી ભગવાને એ વેદવાકયના રહસ્યમય અર્થનું ઉદ્‌ઘાટન કર્યું. એ સાંભળીને ઇન્દ્રભૂતિ આશ્ચર્ય ચકિત બની ગયા. એમને પોતાની ભૂલ સમજાઈ. એમનું 'અહં' ઓગળી ગયું. પ્રભુચરણે એ ઝુકી પડયા. ભગવાનનું એમણે શરણું લીધું. ભગવાને એમને દિક્ષા આપી પોતાના કર્યા. ગણધર બનાવ્યાં.

આ પછી બાકીના દશ આચાર્યો પણ ક્રમશ : આવ્યાં. એમને પણ ભગવાને નિસંદેહ બનાવી, દીક્ષા આપીને ગણધર બનાવ્યા.

આ અગિયાર મહાન બ્રાહ્મણાચાર્યો સાથેની ચર્ચા ખૂબ રસપ્રદ છે. એમાં ભરપૂર તત્ત્વજ્ઞાન ભર્યું છે એ ચર્ચાનો વિસ્તાર 'ગણધરવાદ' નામે સુપરિચિત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલ્પસૂત્રના વાચનમાં આજે આ 'ગણધરવાદ' આવશે. એ સાંભળીને તત્ત્વજ્ઞાનના રસિયા તૃપ્ત બનશે.

૭

ભગવાન મહાવીરના જીવનકાર્યોમાં બે મુખ્ય હતા: ૧. માનવજીવનના આધ્યાત્મિક મૂલ્યોનું પ્રસ્થાપન. અને ૨. એ મૂલ્યોના પ્રવાહને અવિચ્છિન્ન રાખનાર એક ઉજ્જવલ પરંપરાની સ્થાપના.

એમણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અનેકાંતના મહાન આદર્શો જગત સમક્ષ રજુ કર્યાં, રજુ કરવાની એમની રીત આગવી હતી. સર્વ પ્રથમ એ આદર્શોને એમણે પોતાના જીવનમાં ઉતાર્યાં. એક પણ અપવાદ વિના એ આદર્શોનું સંપૂર્ણ આચરણ કર્યું. એ દ્વારા પોતાના આત્માને સો ટચના સોના જેવો નિર્દોષ અને વિશુદ્ધ બનાવ્યો. આત્માના શુદ્ધ-પૂર્ણ સ્વરૂપને પામ્યા. અને એ પછી જ એ અનુભૂત આદર્શોને વિશ્વના ચોકમાં જાહેર કર્યા ખરે જ, મહાપુરુષો જે કરે છે એ જ કહે છે, રે એ જ એમની મહાનતા નથી ?

ભગવાને પ્રસ્થાપિત કરેલાં આ આધ્યાત્મિક મૂલ્યો આજે ૨૫૦૦ વર્ષ પછી પણ એવાં જ અક્ષત અને સનાતન સત્ય સ્વરૂપ છે એ મૂલ્યોને આજના યુગ સુધી અક્ષત સ્થિતિમાં જાળવી રાખવાનો યશ ઘટે છે. ભગવાને સ્થાપેલી ઉજ્જ-વલ શ્રમણ પરંપરાને ન જાણે એ શ્રમણો ન હોત, તો આ યુગ કેવી ઘોર દુર્દશા અનુભવતો હોત !

ભગવાન મહાવીરના આ બે જીવનકાર્યોનું ગુંફન કલ્પસૂત્રમાં સુઘડ રીતે કરાયું છે. એક કવિ કલ્પસૂત્રને કલ્પવૃક્ષ સાથે સરખાવે છે. વૃક્ષની જેમ આ સૂત્રમાં પણ મહાવીર ચરિત્ર 'બીજ' છે. પાર્શ્વનાથ ચરિત્ર 'અંકુર' છે. નેમિનાથનું ચરિત્ર 'થડ' છે. આદિનાથનું ચરિત્ર 'ડાળી' છે. અને સ્થવિરાવલી-શ્રમણોની પરંપરાનું વર્ણન 'ફુલમાળ' છે.

આજે આ સદાપ્રફુલ્લ ફુલમાળાની મીઠી સોડમ માણવાની છે. હજાર હજાર પાંખડીવાળા એના ફુલોની ત્યાગ-કથા આજે સાંભળવાની છે.

એમાં સૌથી પહેલાં આવશે અનંતલબ્ધિના નિધાન ગણધર ગૌતમસ્વામી. વીતરાગ તરફનો રાગ કેવો અખંડ અને અનન્ય હોય, એની પ્રેરણા એમના જીવનમાંથી મળે છે. બીજાં દશ ગણધરોનું પણ વર્ણન થશે એ પછી આવશે. આ કાળના છેલ્લાં કેવળજ્ઞાની જંબૂસ્વામી, ચોરી કરવા આવેલાં પાંચસો ચોરોના હૈયા જ એમણે ચોરી લીધાં. કવિ કહે છે એમના જેવો 'કોટવાળ' થયો નથી.

આ પછી તો મહાન શ્રુતધર પુરુષોની શ્રેણી આવશે. પ્રભુસ્વામી, શય્યંભવસૂરિ, સંભૂતિ-વિજયજી, ભદ્રબાહુ સ્વામી અને છેલ્લાં પૂર્ણ શ્રુતધર સ્થુળભદ્ર, એક એક આચાર્યનું જીવન ત્યાગની અદ્ભુત રસલ્હાણ કરશે. જ્ઞાનની અવિનાશી મહિમા-ગાથા ગાતું જશે.

આ પછીનો ક્રમ ઘણો લાંબો છતાં એટલો જ રસમય હશે. એમાં આર્ય મહાગિરિ, આર્ય સુહસ્તી, આર્ય વજ્રસ્વામી વગેરે મહાજ્ઞાની-મહાત્યાગી શ્રમણ-પુષ્પો ગુંથાશે. છેક છેલ્લે આવશે વીર સવંત ૯૮૦માં જૈન સિદ્ધાન્તને પુસ્તકસ્થ કરનાર યુગપ્રધાન-મહાપુરુષ દેવર્ધિ-ગણિ ક્ષમાશ્રમણ, સૌરાષ્ટ્રના વલભીપુરને એમના અમર નામ અને કામ સાથે જોડાવાનું સૌભાગ્ય સાંપડ્યું.

ભગવાન મહાવીરના આદર્શોને અવિચ્છિન્ન રાખનાર આ ત્યાગી નિર્ગ્રંથપરંપરાનું ગૌરવભેર સ્મરણ કરી પાવન થઈએ.

૮

"ક્ષમા માંગું બધા પાસે, ક્ષમા આપો બધાં મને,
ક્ષમા આપું બધાંને હું, કોઈથી વેર ના મને."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યુષણાપર્વનો આજે આઠમો દિવસ છે.

સાત દિવસ સુધી વિચારેલું આજે આચરવાનું છે.

સાત દિવસ સાંભળ્યું આજે અમલમાં મૂકવાનું છે.

જીવ પ્રમાદી છે. જાણ્યે-અજાણ્યે એણે કોઇનું મન દુભવ્યું હશે. મને-કમને એનાથી કોઇને કટુવચનો કહેવાયા હશે, ઇચ્છા-અનિચ્છાએ એણે કોઇને ત્રાસ-પરિતાપ આપ્યાં હશે. ક્યારેક ગુસ્સો ને ક્યારેક અભિમાન, ક્યારેક છળકપટ ને ક્યારેક અસંતોષ, આવાં અનેક અપરાધો એણે આચર્યા હશે. એ અપરાધોનાં મેલથી ખરડાયેલા એના આત્માને નિર્મળ બનાવવાનું આજે મહાપર્વ છે. વર્ષભરમાં કરેલાએ અપરાધોનાં ડાઘોને વીણી વીણીને-શોધી શોધીને આજે ધોવાનાં છે.

અપરાધોની લેણાદેણીના હિસાબમાં જરા પણ ભૂલ રહેવા ન પામે, એની આજે કાળજી રાખવાની છે. 'મિચ્છા મિ દુક્કડં' દઇને દેવું ભરપાઈ કરવાનું છે, 'મિચ્છા મિ દુક્કડં' લઇને લેણું જમા કરવાનું છે.

'મિચ્છા મિ દુક્કડં' એ મૈત્રીનો મહામંત્ર છે. અપરાધી જીવ અપરાધમુક્ત બન્યાની એ નિશાની છે. ફરી ક્યારેય કોઇનો અપરાધ ન કરવાનો એ કોલ છે. પારસ્પરિક દ્વેષ ભાવની શાન્તિ, -એનું હાર્દ છે.

ભગવાન મહાવીર કહે છે, ક્રોધ ન કરો, ક્રોધ તો અગ્નિ છે. એ બળશે ને બાળશે. એનો નાશ 'ક્ષમા'થી કરો. ક્ષમા આપવી એ વીરતા છે, કાયરતા નહિ. ખરો કાયર તો ક્રોધી છે. એનો ક્રોધ કાયરતામાંથી પ્રગટે છે. ને એની કાયરતા ક્રોધમાંથી જન્મે છે. સાચો વીર ક્રોધ ન કરે એ તો ક્ષમા જ ધારણ કરે. રે! 'ક્ષમા વીરસ્ય ભૂષણં.'

જે ક્ષમા કરશે, તેના ચિત્તમાં અણકલ્પી પ્રસન્નતા લહેરાશે, આજ સુધી બોજિલ રહીને થાકેલા એના દિલને ભારમુક્તિનો અનેરો આનંદ લાગશે. એ આનંદસાગરમાં મસ્ત બનેલો જીવ જગતમાં જંતુમાત્રને મિત્ર માનશે. કોઈ એનો શત્રુ નહિ રહે. અને શત્રુ ન હોય એને ભય શો હોય? એ સાચી નિર્ભયતા પ્રાપ્ત કરશે. અને એ નિર્ભયતાનો અમૃત મીઠો આસ્વાદ એને મોક્ષ ભણી દોરી જશે.

ખમનારને ખમાવનારની આરાધના સફળ છે

ન ખમનાર ને ન ખમાવનારની આરાધના અફળ છે.

આપણી આરાધના સફળ બનાવવા કૃતનિશ્ચયી બનીએ.

卐

## અમેરિકાના પ્રવચન પ્રવાસે ડૉ. કુમારપાળ દેસાઈ

પ્રસિદ્ધ સાહિત્યકાર અને જૈન દર્શનના વિચારક ડૉ. કુમારપાળ દેસાઈ જૈન સેન્ટર ઑફ સધર્ન કેલિફોર્નિયાના નિમંત્રણથી વ્યાખ્યાનો આપવા માટે લોસ એન્જલિસ જશે. તેઓ મર્મયોગી આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી તેમજ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યની કૃતિયો વિશે સંશોધનાત્મક પ્રવચનો આપશે. તેમજ પર્યુષણ પર્વ દરમિયાન વૈયાવૃત્ય; સ્વાધ્યાય, ધર્મકથા, વિનય અને ધ્યાન વિશે પ્રવચનો આપશે ડૉ. કુમારપાળ દેસાઇનો લોસ એન્જલિસનો આ ત્રીજો પ્રવાસ છે અને લોસ એન્જલિસના જૈન સેન્ટરની સ્થાપનામા તેમજ પાઠશાળા અને પુસ્તકાલયના વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન રહેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં. ૨૦૪૬, અષાઢ સુ. ૮, શનિવાર.

વ્યાખ્યાન : પૂ૦ પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ.

# "વિધિયોગે રે આરાધના કરીએ"

विधिकथनं विधिरागो, विधिमार्ग स्थापनं विधिच्छूनाम ।
अविधि निषेधश्चेति, प्रवचनभक्ति : प्रसिद्धा नः ॥

અનંત ઉપકારી અરિહંત પરમાત્માના લોકોત્તર શાસનને પામ્યા એટલે આપણે સંઘના સભ્ય બન્યા, વિધિપૂર્વક બનવા ગયા નથી. પરંતુ જન્મથી બની ગયા છીએ, તમારા વડીલો જે રીતે ભગવાનની પૂજા કરતાં આવ્યા છે. જે તમે જોતા આવ્યા છો, તે રીતે તમે ભગવાનની પૂજા કરો છો, પરંતુ જે રીતે ભગવાનની પૂજા કરવી જોઇએ તે રીતે તમો કરતાં નથી, તે રીતે ખમાસમણું દેવાની વાત હોય કે સ્નાત્રમાં ભગવાનની સમક્ષ ઉભા રહેવાની વાત હોય પણ ખરી રીત જાણતાં નથી, આમાં એ ક્રિયા તરફની તમારી ઉપેક્ષા જ છે.

જ્યારે કોઈ માણસ તમારી પાસે ભગવાનની પૂજા કેવી રીતે કરવી જોઈએ તે શીખવા આવે ત્યારે તમે ભગવાનની પૂજા કેમ કરવી તે બરાબર શીખવાડો છો, તમને ખબર છે કે હું જે રીતે એ માણસને પૂજા કરવાનું શિખવાડી રહ્યો છું તે રીતે હું પોતે પણ કરતો નથી, ખમાસમણું કેવી રીતે દેવાય તે તમે બીજાને શીખવાડો છો, પણ શું!!! તમે ખરેખર બે હાથ-મસ્તક-બે ઘૂંટણ એમ એ પાંચ અંગ જમીનને અડે એવી રીતે ખમાસમણું ભગવાનને કે ગુરુને દ્યો છે? તમને હાર્ટની તકલીફ હોય અને ખમાસમણું બરાબર દઈ ન શકો તે સમજાય તેમ છે. પણ બીજાઓનું શું કે જેને તેવી તકલીફ નથી, એના મૂળમાં તમારી બેદરકારી છે, ખમાસમણું દેવામાં તમને કષ્ટ નહિ પણ આળસ થાય છે. જે તમારા માટે શરમ રૂપ છે. વિધીપૂર્વક વંદન કરાય તો અશુભ કર્મ ખપી જાય.

જિનશાસનમાં દરેક ચીજો વિધિપૂર્વક કરવાની કહી છે. સામાયિક લેવાની વિધિ છે તો સામાયિક પારવાની પણ વિધિ છે. સામાયિક તમે લીધું અને પારીને ઉભા થઇ ગયા, ચાલ્યા, તે દરમ્યાન જે કોઇ વિરાધના થઇ તે ચોપડે લખાશે એવો વિચાર? જૈન શાસનને માન્ય નથી માટે સામાયિક પારવું પણ આવશ્યક છે. અને એની પણ વિધિ છે. તમે કહો કે "ઇચ્છા. સંદિસહ ભગવન્ સામાયિક પારૂં"? ગુરૂ કહે "પુણરવિકાયવ્વં" (ફરીથી કરવા જેવું છે) તમે કહો કે યથાશક્તિ, ફરી તમે ખમાસમણું દઈને કહો કે "ઇચ્છા. સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું"? ગુરૂ કહે "આયારો ન મોત્તવ્વો" (આચાર છોડશો નહિ) પારનાર તમે "તહત્તિ" કહો છો. બસ તેવી જ રીતે તપ કરવાની અને તેનું પારણું કરવાની પણ વિધિ છે. શરીર સારૂં છે. ત્યાં સુધી તપ કરવું, આર્તધ્યાન ન થાય ત્યાં સુધી તપ કરવું તેમ કહ્યું છે.

જેમ વ્યાખ્યાન પહેલાં ગુરૂ મહારાજને વંદન કરો છો. તેમ વ્યાખ્યાન પછી પણ ગુરૂમહારાજને વંદન કરવું જોઈએ, એ પણ વિધિ છે. કારણ કે વ્યાખ્યાન દરમ્યાન તમારાથી પ્રશ્ન પૂછવામાં કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તર આપવામાં જે કાંઈ અવિનય–આશાતના થઈ હોય તેની ક્ષમાપના તે વંદન દ્વારા કરવાની છે. વ્યાખ્યાન કરવામાં જે શ્રમ પડયો છે તે માટે શાતા પૂછવાની છે. ગુરૂવંદન ભાષ્યમાં આનો ઉલ્લેખ છે. 'जह दूओ रायाण' જેમ દૂત રાજાને રાજસભામાં પ્રવેશ કરતી વખતે પ્રણામ કરે છે તેમ વ્યાખ્યાન પહેલાં અને પછી વંદન કરવું જોઈએ. વ્યાખ્યાન ચાલુ હોય ત્યારે વંદન ન કરતાં મનોમન ગુરૂમહારાજને "મત્થએણ વંદામિ" કરી શ્રોતાઓને પ્રણામ કરી બેસી જાય, વ્યાખ્યાનમાં મોડા આવેલાને માટે વહેલા આવેલા શ્રોતા પ્રણામને યોગ્ય છે, જેમ સાધુ દીક્ષા પર્યાય પ્રમાણે વડીલ ગણાય છે તેમ.

શાસ્ત્રમાં વિધિનો વિચાર તો ત્યાં સુધીનો કર્યો છે કે ન વ્હોરાવવા જેવી વસ્તુ વહોરાવી દીધી, અથવા સાધુને ન ખપે તેવી ચીજ તેઓએ અજાણતા વહોરી લીધી તો એ ચીજનું સાધુ શું કરે ? એ વપરાય નહિ, રાખ અથવા માટી સાથે ભેળવી દે જેથી તેના મૂળ રૂપ–રસ–ગંધ–સ્પર્શ બદલાઈ જાય, તેને નિર્જીવ ભૂમિમાં વિધિપૂર્વક પરઠવી દેવી જોઈએ, પરઠવતાં પણ "અણુજાણહ જસ્સુગ્ગહો" કહીને જેની જગ્યા હોય તેની અનુજ્ઞા માંગે અને પરઠવ્યાં પછી "વોસિરે વોસિરે" એમ બોલીને પરઠવે, અવિધિ થઈ એટલે વ્હોરાવતાં જ્યારે આ ખપે કે ના ખપે એવી શંકા પડે તો ના પાડે કે અમને ન ખપે, છતાં પણ આવી જાય તો તેની પરઠવવાની પણ ઉપર બતાવ્યા પ્રમાણેની વિધી છે

કોઈ પણ ક્રિયાની વિધિ કે હેતુ આપણે જાણતા નથી માટે તેના પ્રત્યે બહુમાન જાગતુ નથી. વિધિનું જ્ઞાન આદર જમાડે છે અને હેતુનું જ્ઞાન બહુમાન જગાડે છે, પચ્ચક્ખાણનો ટાઈમ થઈ ગયો પણ પાંચ મિનીટ પછી પાળીએ તો તેનું બહુમાન કર્યું કહેવાય, દેરાસરથી બહાર નીકળ્યા પછી પણ થોડીવાર ઓટલાં ઉપર બેસવું જોઈએ. વ્યાખ્યાન પૂરુ થાય કે તરત જ ઉભા થવું ન જોઈએ, પચ્ચક્ખાણ-સર્વમંગલ થયા પછી જ ઉભા થવું જોઈએ આ રીતે આપણે ત્યાં ધર્મક્રિયા થઈ પછી સંસારની ક્રિયા તરત ન કરવી. વચ્ચે થોડો વિરામ લેવો તે પ્રણાલિકા છે.

બહુમાન અને આદરપૂર્વકની ક્રિયા હોય તેને ભક્તિ કહેવાય, બહુમાન અને આદરપૂર્વકની ક્રિયા ન હોય તેને વેઠ ડોળ કે દેખાવ કહેવાય. દેવ-ગુરૂ અરે !!! કોઈ પણ પૂજ્યને વંદન કરવાથી સૌભાગ્ય નામકર્મનો બંધ પડે છે, યાવત્ મનુષ્ય ભવનું, આયુષ્ય બંધાય છે, પૂર્વાલાપ અને પ્રિયાલાપ એ મનુષ્યભવનાં આયુષ્યનાં બંધના કારણો પૈકીના એક કારણમાં છે.

પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રમાં કહ્યું છે કે— "सुमइ सं पुच्छणा बहुलेण मविचरय" આદર બહુમાનપૂર્વક વંદન કરવું હોય તો શું કરવું જોઈએ ? જેને પણ વંદન કરતા હોઈએ તેનો એકાદ ગુણ પણ મનમાં લાવવો જોઈએ, તેથી તેઓના પ્રત્યે આદર–બહુમાન જાગશે જ. ત્યારે પરમાત્મા તો અનંત ગુણોના ભંડાર છે, તેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યા છે, પુણ્ય–પાપનો સાચા અર્થમાં ઓળખાણ કરાવી છે. તેથી આપણે પુણ્યમાં પ્રવૃત્ત થઈએ છીએ અને પાપમાંથી નિવૃત્ત થઈએ છીએ ને ? (આપણને જેમાં પાપ ન જણાય તેમાં પણ જ્ઞાનીઓએ કરૂણાથી બતાવ્યું કે આમાં જીવ છે), આમ કરવાથી જીવોત્પત્તિ થાય, અથાણું બરણીમાં ભર્યું હોય અને જો - ઢાંકણું ખૂલ્લું રહી જાય તો અથાણા ઉપર ફુગ વળી જાય છે. તેથી તે અનંતકાય બને છે. માટે અથાણા અભક્ષ્ય છે, ખવાય નહીં, દ્વિદળ જેવી ચીજ ન ખવાય, તેવી સમજ-તેવા સંસ્કાર તમારામાં છે. પરંતુ કેટલાને ખબર છે કે દ્વિદળમાં કયા જીવોની ઉત્પત્તિ થાય છે? કાચા દૂધનાં કે દહીંની સાથે કઠોળ કે તેની દાળ ખાવ એટલે તે દ્વિદળ થયું. અને તેમાં તરત જ બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે. એના કરતાં પણ મહાદોષથી તમે તદ્દન અજ્ઞાત છો તમે રાત્રે જમ્યા કામવાળી કામ કરવા ન આવી. તમે એઠાં થાળી વાટકા ધોયા નહિં, જે આખી રાત પડયા રહ્યા તેથી એ એંઠવાડમાં "અસંજ્ઞિ સંમૂચ્છિંમ પંચેન્દ્રિય" જીવની ઉત્પત્તી થાય છે. તે જીવો સેકન્ડે સેકન્ડે વૃદ્ધિ પામતાં જ રહે છે એટલે બધી જ પાપવિરાધના ઘરના બધાને લાગે છે. પણ આવો એંઠવાડ થાય ક્યારે? એઠું મૂકો ત્યારે ને? ઘરના દરેક સભ્યો થાળી ધોઈને પી જાય તો તેનાથી કેટલા મોટા પાપથી બચી જવાય. પાપ શું છે? અને તેનાથી કેવી રીતે વિરમવાનું છે, તે સમજવાનું છે, તમારા સુખ સગવડતાના દેખાતા સાધનોથી તો પાપ કરવાની જ સગવડતા વધી છે. તમને અર્ધી રાત્રે ચા પીવાની ઇચ્છા થઇ. પહેલાના જમાનામાં દિવાલ સાથે જોડેલો હોય તેવો ચૂલો હતો જે સળગાવતાં જ સમય લાગે. ત્યાર પછી સગડી, પ્રાયમસ, સૂગો પ્રાયમસ આવ્યો, અને હવે ગેસ?.... ચા બનાવવા ગેસ પેટાવ્યો, બર્નરના કાણામાં વાંદા ભરાયેલા હોય તેનું શું થાય? એક જ ક્ષણમાં તે વાંદા મરી જાય ને? તમે સગવડતા તો એટલી વધારી છે કે તમે સૂતાં સૂતાં ટી. વી., લાઇટ, વિગેરેની સ્વીચ ઓન-ઓફ કરી શકો છો. પણ ત્યાં "સૂતાં સૂતાં અંધારામાં જો જો મૃત્યુ ના થઇ જાય —મનની મનમાં ના રહી જાય"... આખી રાત વરસાદ પડયો, સવારે પાંચ વાગે દેરાસર ઉઘાડયું ભગવાનને પ્રક્ષાલ કરવો છે. અંધારામાં દેખાય નહિ. માટે લાઇટનો ઉપયોગ કર્યો દેરાસરમાં લાઇટ જોઇએ જ નહિં. પણ આજે એ કયાં છે? હવે એ લાઇટના કારણે વરસાદ દરમ્યાન નાની મોટી જીવાતો કુદા અને પંતગીયા એકઠાં થયા હોય તે બધા ત્યાં ને ત્યાં જ મરી જાય. તમારો બચાવવાનો ભાવ હોય તો વિરાધના ન થાય તે માટે તો કેટલેક સ્થળે જોયું છે. તેમ ટયુબલાઇટને રંગીન કાગળ બાંધી દેવામાં આવે તો એ જીવોની ઉત્પત્તિ અટકી જશે. જે શોધે છે તેને દરેકના ઉપાયો મળી જ રહે છે. ગેસ વિગેરે દરેક સાધનોનો ઉપયોગ કરતાં પહેલાં જો પુંજણીનો ઉપયોગ કરવામાં આવે તો ઘણી જયણાં જળવાય. પુંજણી એ તો જીવદયાનું પ્રતિક છે. જીવોને બચાવવાની બુદ્ધિ હોવાથી ઉપયોગ રાખવા છતાં પણ અજાણતાં કોઇ જીવ મરી જાય તો વિરાધના ન લાગે, તેમ શાસ્ત્રવચન છે તેવી જ રીતે શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે સાધુ ભગવંતો કે સાધ્વીજી મહારાજો દંડાસણનો ઉપયોગ કરી ઉપયોગપુર્વક ચાલે. અને કદાચ કોઇ જીવની વિરાધના થઈ જાય તો પણ આરાધક કહેવાય, દંડાસણના ઉપયોગ વિના ચાલે અને ખરેખર વિરાધના ન થાય તો પણ તે વિરાધક કહેવાય. કેમકે જીવ બચે કે ન બચે તેની પરવા નથી.

પૂંજણી, ગરણું આવા જીવદયા પાળવાના ઉપકરણોની પ્રભાવના થવી જોઇએ. જેથી સાધર્મિકો સહેલાઇથી જીવદયા પાળી શકે. તમે ગેસ પેટાવ્યો. બર્નરના કાણામાં વાંદા હતા, તે મરી ગયા, તે વખતે કોઇ એમ કહે કે અમારી મારવાની બુદ્ધિ ન હતી, તો શું બચાવવાની બુદ્ધિ હતી?... ના... એ પણ નથી. એ 'નિરપરાધી ત્રસ જીવોને મારવા ન હતા પણ મરી ગયા, તેવું ન થાય, તે માટે ગેસ પેટાવતાં પહેલાં પૂંજણીનો ઉપયોગ કરવાનો છે. જેથી વિરાધના ન થાય. આપણામાં કુળ પરંપરાથી જીવદયાના સંસ્કાર તો પડેલાં જ છે. પણ એ જીવદયાના સંસ્કાર ટકાવવા હોય તો તમારે ચોક્કસ જાગૃતિ લાવવી જ પડશે. શ્રાવકના કુળમાં ઓછામાં ઓછા બે લક્ષણો હોવા જ જોઇએ. (૧) અળગણ પાણી વાપરવું ન જોઇએ. (૨) રાત્રિભોજનનો ત્યાગ...

હાલારમાં જેઓ આજે અજૈન છે. પણ પૂર્વે જૈનો હતા. એવા કેટલાક કુટુંબો છે. કે જેઓના ઘરમાં આજે પણ એવો ચૂસ્તપણે નિયમ પળાય છે કે "અળગણ પાણી ન વાપરવુ"... "રાત્રિભોજન કરવું નહિ." તો તમે તેમનાથી પણ ગયા?....

વિરાધનાના બે ભાગ પાડી શકાય. (૧) અનિવાર્ય વિરાધના- (૨) નિવાર્ય વિરાધના- અનિવાર્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિરાધના જે તમારા હાથની વાત નથી, નિવાર્ય વિરાધના જે તમારા હાથની વાત છે શકય હોય તેનો અમલ કરવાનો, અશકયની અભિલાષા રાખવાની : जं सक्कं तं कीरइ जं असक्कं तम्मि सद्दहणा । અમારે પણ શકયનો ઉપદેશ આપવો. અને અશકયનું ભાન કરાવવું. ઉપાદેય એટલે ગ્રહણ કરવા લાયકનો સ્વીકાર કરવો અને હેય એટલે છોડવા લાયકનો ત્યાગ કરવો એજ —

## જિનવાણી શ્રવણનું ફળ છે

અમને એટલી તો અપેક્ષા રહેને કે તમને ન સમજાય તે પૂછો, અને સમજાય તે પછી ગ્રહણ કરવા યોગ્યને જીવનમાં ઉતારો. તમે કોઈ પ્રશ્ન નથી પૂછતાં તેનો અર્થ અમારે શું કરવો ? કે બધું સમજાય ગયું છે એમ ? કહેવાય છે ને કે પ્રશ્ન એને ન થાય. એક સર્વજ્ઞને અને બીજા... દુઃખ કોને નથી?. એક જે ઉપર ગયાં તેને અને બીજા જે અહીં આવ્યા નથી તેને.

અમે એમ કહીએ કે ઘરની બહાર વાડામાં મોટો પથ્થર રાખી સ્નાન કરવું જોઈએ. જેથી સ્નાનનું પાણી ચોકમાં-આંગણામાં ફેલાઈ જાય ત્યાં જ સૂકાઈ જાય, જે અત્યારે શહેરી જીવન જીવનારા તમારે માટે તે શકય નથી ગણાતું, પણ ઓછું જ પાણી વાપરવું તે તો શકય છે ને ? એઠું ન મૂકવું, થાળી ધોઈને પીવી, આ તો થઈ શકે તેવું છે. શું તમને એમ નથી લાગતું ? એંઠી થાળી રહી જાય તો એક આંયબિલનું પ્રાયશ્ચિત આવે અને થાળી ધોઇને પીવાથી એક આયંબિલનો લાભ થાય. આ બધું "નિત્ય તપ" છે તપ એ સકામ નિર્જરા છે. તપ દ્વારા શરીરનો કસ કાઢી કર્મ ખપાવવાના છે. આમ ચાતુર્માસમાં તમે અઠ્ઠાઇ-અઠ્ઠમ, ધર્મચક્રતપ વિગેરે 'નૈમિત્તિક તપ" કરવાના છો. જે સારી વાત છે. પણ જો તેની સાથે આવું નિત્ય તપ નહીં કરો અને તેથી જે પાપ તમારા ચોપડે લખાશે. અને જે "નૈમિત્તિક તપ" કર્યું તેનાથી જે પુણ્ય ઉપાર્જન થશે તે આ તપના ફળરૂપે – સરવાળે તો તમે ખોટમાં જશો. કેમકે તમે નિત્ય તપ ચૂકી ગયા. આવા મોટાં તપ કરીને રાત્રિભોજન ચાલુ રાખવું, તે કાંઈ શોભા રૂપ ન ગણાય.

ડોકટરો પણ કહે છે ને કે થાળી ધોઈને પીવાથી બધા પ્રોટીન વીટામીન, ખૂટતાં રસો આપણા શરીરને મળી રહે છે. ખરેખર તો ભગવાનની આજ્ઞા છે કે થાળી ધોઈને પાવી જોઇએ.

જેમ નિત્ય અપકાયની વિરાધના પાણીથી થાય છે, તેમ નિત્ય પૃથ્વીકાયની વિરાધના કાચા મીઠાં દ્વારા થાય છે તમે રોજ દાળ-શાકમાં મીઠાંનો ઉપયોગ કરો છો. અને જે બરણીમાં કે માટલામાં મીઠું રાખો છો તે પૃથ્વીકાય છે તેમાં પાણીની જેમ નિરંતર પૃથ્વીકાયના જીવોની ઉત્પત્તિ થાય છે. અને લય થાય છે. કાચું મીઠું વાપરતાં જે પાપ બાંધો છો તે નિવારી શકાય એમ છે.

આયંબિલમાં શું વપરાય છે? "બલવણ", બળેલું લવણ, બળેલું મીઠું તે બલવણ, જે અચિત્ત હોવાથી તેમાં જીવોની ઉત્પત્તિ થતી નથી, તમે તમારા ઘરમાં મીઠું શેકીને અચિત્ત કરો ને પછી વાપરો તો પંદર દિવસ સુધી અચિત્ત રહેશે. તેથી તે વાપરતાં તેમાં જે નવા નવા જીવો જન્મે અને મરે તેનું પાપ નહિ લાગે.

મોટા માટલામાં કે માટલીઓમાં ભરીને ભઠ્ઠામાં મીઠું પકાવરાવો તો તે અચિત્ત મીઠું છ મહિના સુધી અચિત્ત રહે છે. આવી રીતે જીવનમાં જે નિવાર્ય કોટીની વિરાધના છે. જેનું નિવારણ શકય છે તેનાથી વિરમો... એવા પાપોથી બચી જાવ તો શ્રાવકપણું દીપી ઉઠે,

બીજી પણ એક વિધિ સમજવા જેવી છે. આપણે જ્ઞાનપુજન કરીને વાસક્ષેપ લઇએ છીએ તેમાં પણ આપણે પોતાનો વાસક્ષેપ હાથમાં લઇ "નમો નાણસ્સ" બોલી વાસક્ષેપ વડે જ્ઞાનની પુજા કરવી પછી રૂપાનાણા વડે પુજા કરવી. આ ક્રમ રૂઢ બની જાય તો રૂપિયો મુકી તેના ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસક્ષેપ મુકવાની અવિધિ આપોઆપ નીકળી જશે જે કાઢવા જેવી છે.


જે જ્ઞાનની આપણે પુજા કરીએ છીએ તે જ્ઞાનનો અનાદર આશાતના ન થાય, અને આ જ્ઞાનની કેટલીક નિવાર્યકોટીની વિરાધના જે આજકાલ રૂઢ થયેલી જોવાય છે. તેમાંથી બચી જવું જોઈએ.

જેમકે કવર કે ટીકીટ ચોડવી હોય તો સામાન્ય રીતે લોકો થુકનો ઉપયોગ કરે છે. તેને બદલે પાણી ઉપયોગમાં લઈ શકાય, તેવી જ રીતે પૈસાની નોટો ગણતી વખતે-ચોપડીના પાના ફેરવતી વખતે પણ જે થુંકનો વપરાશ છે તે ટાળવો જોઇએ. જમતી વખતે એઠાં મોઢે બોલવાથી જ્ઞાનની વિરાધના થાય છે. તે પણ ટાળી શકાય. એવી જ એક વાત છે, ઘરઘરમાં જે પગલુંછણીયા હોય છે તેમાં "Wel Come", (વેલ કમ) "Use Me" (યુઝ મી) લખેલું હોય છે. તેના પર પગ મુકવાથી જ્ઞાનની વિરાધના થાય છે તે ટાળવી જોઈએ. નામ વિનાના પગ લુંછણીયા કે અક્ષર વિનાના કોથળા વાપરીને વિરાધનાથી પણ બચી શકાય, આ રીતે આવી નિવાર્યકોટીની જ્ઞાનની વિરાધના જે નિવારી શકાય તેમ છે તેનું નિવારણ પ્રત્યેક શ્રાવકના ઘેર થવું જોઇએ.

આ રીતે પાપથી વિરમવું અટકવું તે વિરતી છે. અને વિરતીથી જ ધર્મની શરૂઆત થાય છે. તો એ ધર્મના પ્રભાવે દીનતા વિનાનું જીવન, મરતાં સમાધિ, પરભવમાં સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષ પામી શકાશે એજ મંગલ કામના....

## સત્ત્વશીલ સાહિત્યની જરૂર

હું એ દિવસની રાહ જોઉં છું. જ્યારે દીવાનખાનામાં ફર્નિચર જેટલી જ સત્ત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે.



કોઈ પણ દીવાનખાનાની અંદર જોઉં ત્યારે સૌથી પહેલાં હું ત્યાં પડેલ સામાયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું. મારે મન સાહિત્ય વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ ગુણોના વિકાસમાં સારું સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજુ કોઈ નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે, એમના માટે સારા પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે એ સાથે પોતાના મિત્રો સ્વજનો અને પરિવારનો પણ એનો લાભ આપે છે.



—બર્ટ્રાન્ડ રસેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુણ્ય—પાપની બારી...
## ગિરિરાજ યાત્રા સપ્તપદી...
## સોપાન પહેલું...

પરસંસે પદૂદસ્સનવાળા

પ૦ પૂ૦ પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦સાહેબ.

સં. ૨૦૪૫, કાર્તિક વદિ ૭, વરલ જૈન ઉપાશ્રય.

પ્રદ્યુમ્ન વિ.

તત્ર શ્રી દેવ-ગુરુ ભક્તિકારક સુશ્રાવક.... યોગ્ય ધર્મલાભ.

પૂજયપાદ શાસનસમ્રાટશ્રીની કૃપાથી આનંદ મંગલ વર્તે છે. ત્યાં પણ તેમ હો. તારો પત્ર ભાવનગર થઇને આજે અહીં મળ્યો.

અમે આજે જ અહીં આવ્યા છીએ.

તું લખે છે કે પૂનમ આવીને તુર્ત વિહાર શરૂ કર્યો! હા સાચી વાત છે પેલી કહેવત છે ને " સાધુ બેઠા લોહની ખીંટીને સાધુ ઉઠયા પવનની મુઠી. "

વિહારમાં નિત નવા નવા પ્રભુજીના દર્શન થાય છે. સંયમની મઝા માણવા મળે છે. જીવનમાં તાજગી આવે છે તું લખે છે કે " માગસર સુદી પાંચમ આસપાસ ગિરિરાજની યાત્રાએ આવવું છે. આપ સાથે હો તો અમારી યાત્રા સાચી યાત્રા બને." વગેરે.... પણ અમે તો ડેમ-કદંબગિરિ-જેસર થઈને અજારા તરફ જઈ રહ્યા છીએ. અને માગસર સુદી પાંચમે તો પ્રાય: ઉનામાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મહારાજના ચરણની વંદના કરીને અજારા દાદાને ભેટવાની ધારણા છે એટલે એ મેળ તો કયાંથી મળે. પણ તે જે બીજો વિકલ્પ લખ્યો છે કે એ શકય ન હોય તો આપ યાત્રા અંગેનું સ્પષ્ટ માર્ગદર્શન-હિતશિક્ષા તો અવશ્ય આપવા કૃપા કરશો. જેથી અમે કાંઇક સાર્થકતા તો પામીએ. " હા, એ વાત શકય છે:

જો પહેલી એક વાત તો હૃદયમાં બરાબર કોતરી રાખવી કે આપણે તીર્થયાત્રાએ પાપ ધોઇને પાવન થવા જઈએ છીએ. આ વિચાર જો સ્થિર થઇ જશે તો પછીનું બધું બરાબર થઈ રહેશે. ગણિતના દાખલાની જેમ

યાત્રા શબ્દના અર્થમાં જ આ વાત છે કે या त्रायते पापात् सा यात्रा જે પાપથી બચાવે ઉગારે તે યાત્રા. આવી યાત્રા આપણે યાત્રિક થઇને કરવા જઇએ છીએ વેપારી થઇને નહીં. એ ભૂલશો નહીં.

બીજી એક વાત ખ્યાલમાં રાખવા જેવી છે કે આવી યાત્રાએ જ્યારે જઈએ ત્યારે ચઢતે પહોરે જ જવું જોઇએ, અંધારૂ થયા પહેલા જવું. આવા સ્થાને રાત્રિભોજન જેવા પાપો તો ન જ સેવવા. નહીં તો લેવાને બદલે દેવાના થઇ જશે. તમે તો ટ્રેઇનમાં જવાના છો એટલે જેવા સ્ટેશને ઉતરશો એટલે ઘોડાગાડી કરવી પડશે. જો કે તીર્થમાં વાહનનો ઉપયોગ ન કરવો પડે તો સારું. પણ પરિવાર સાથે જવાના એટલે ઘોડાગાડી તો કરવી પડશે પણ એક કામ થઇ શકે: ઘોડાગાડીવાળાની સાથે રકઝક ન કરવી. ભાવતાલ પૂછવો પણ કસ ન કાઢવો. વળી ભાવ નકકી કરીને જેવા અંદર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોઠવાઓ કે પહેલું એ કામ કરવા જેવું કે ઘોડાને મારે નહિ એટલે તેના હાથમાંથી ચાબૂક લઈ લેવી એને કહેવું કે ભાઈ! અમે બેઠા છીએ ત્યાં સુધી ઘોડાને ચાબૂક અડાડવાની નથી, શ્રાવક એનું નામ જે જીવદયાની એક પણ તક જતી ન કરે! આપણે ત્યાં પ્રભુજીના મહોત્સવમાં જીવદયાની ટીપ થાય છે અને યથાશક્તિ બધા તેમાં લાભ પણ લે છે છતાં આ પ્રત્યક્ષ જીવોની દયા પાળવાની તો કોઈ ઓર જ મઝા છે! કેટલા લાભ. આવા વર્તનથી ઘોડાગાડીવાળાના મનમાં ધર્મીના સારા આચરણના કારણે પ્રભુના ધર્મ પ્રત્યે સદ્‌ભાવ જાગે. અદ્વેષ નામનો ગુણ પ્રગટે, અને એમાં આપણે નિમિત્ત બનીએ.

આવું ને આટલું જ વર્તન યાત્રાએ જનારા તમામ શ્રાવક શ્રાવિકા કરે તો પ્રભુના ધર્મના અને ધર્મીની કેવી બોલબાલા થઈ જાય!

જેવાં ધર્મશાળાએ પહોંચો એટલે મુનીમ કે પાણીવાળી બાઈ સાથે પણ એવું જ ઉદાર વલણ રાખજો. તીર્થોમાં તરવા જઈએ છીએ. અહીં તો જે છેતરે છે તે તરતો નથી પણ ડૂબે છે અને જે છેતરાય છે તે તરી જાય છે! છેતરે છે તે કર્મથી ભારે થાય છે અને છેતરાય છે તે હળવો થાય છે.

જે દિવસે જાવ એ જ દિવસે તમારા નાસ્તામાંથી થોડો નાસ્તો એ કામવાળી બાઈને આપો તો તેનું તમારા માટેનું વલણ જ કેવું સરસ થઈ જાય! જે તમે છેલ્લે આપવાના છો તે પહેલા આપવાથી તે તમને વશ થઈ જાય. તમારી યાત્રામાં તે સહાયક થાય.

તારા બા-બાપુજી માટે ડોળી તો કરવી જ પડશે. પણ ડોળી પેલા શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનના પાદુકાની પહેલાં જ નક્કી કરી લેવી. ૫/૧૦ આમ તેમ પણ તેની સાથેની વર્તણૂંક પણ એક સદ્‌ગૃહસ્થને છાજે તેવી કરજે, એ સુધરવાના નહીં અને આપણે બગડવાનું નહીં એવું મનો-વલણ રાખવું.

ડોળી નક્કી કરી શ્રી ગોડીજી પાર્શ્વપ્રભુના ચરણને વંદના કરી તેમની જય બોલાવીને જ આગળ વધવું. ડોળી તળેટીમાં નક્કી ન કરવી. ત્યાં સાધુ-સાધ્વીજી મહારાજ, યાત્રિકો શ્રી ગિરિરાજની સ્તવનામાં મગ્ન હોય ત્યાં એવી ઘાંટા-ઘાંટ કરીને એ પવિત્ર વાતાવરણને ડહોળવાનું પાપ ન કરવું.

આપણા સમગ્ર જીવનના વર્તન દ્વારા કોઇને પણ પ્રભુના ધર્મ પ્રત્યે સહેજે અણગમો ન થવો જોઇએ. પણ તેના મનમાં આ ધર્મ તો બહુ સારો છે આ ધર્મીઓ પણ બહુ સારા છે એવી પ્રશંસા થાય તેવું વર્તન કરવું જોઇએ.

બસ, હવે એક તો અહીંથી ટપાલ નીકળવાનો સમય થઈ ગયો છે વળી શ્રી રાજહંસવિજયજીને ત્રિષષ્ઠિનો અને જ્ઞાનસારનો પાઠ આપવાનો છે એટલે હવે આગળની વાત એકાદ દિવસમાં લખીશ.

તું પત્ર ભાવનગરના સરનામે લખીશ તો ય અમને વિહારમાં મળી જશે. બા બાપુજી અને વ્યાખ્યાનમાં તારી સાથે આવતા હતા તે મિત્રોને ધર્મલાભ જણાવજે.

પ્રભુના લોકોત્તર ધર્મને પામી તેના પ્રત્યે તારા શરીર ઉપર તને જેવો રાગ છે તેવો રાગ કેળવવા પ્રયત્ન કરજે. એમાં જ મનુષ્યભવની સાર્થકતા છે.

એજ પ્ર. ના ધર્મલાભ

તા.ક. : શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનાં પાદુકાની દેરી, પેલી બધી દુકાનોની વચ્ચે એવી રીતે આવી છે કે પ્રાય: કોઇનું ધ્યાન જતું નથી પણ તું ધ્યાનથી જોજે.

એજ.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ભાવનગરમાં ટાઉનહોલમાં દર રવિવારે પ. પૂ. પં.શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ અને પ. પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબ જાહેર પ્રવચન આપે છે. હજારો જૈન જૈનેતર જિજ્ઞાસુઓ પ્રવચન સાંભળવા ભેગા થાય છે. તે અંગેનું પ. પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબનું લખાણ અહીં રજુ કર્યું છે.**

વ્યાખ્યાતા :– પ. પૂ. શ્રી રત્નસુંદરજી મહારાજ સાહેબ

સંસારના ચક્રમાં અવિરત ગતિએ પરિભ્રમણ કરતો આત્મા જે ગતિમાં ગયો તે ગતિમાં પોતાના જીવનને ટકાવવાની જ ગડમથલમાં તે પડયો. માનવગતિમાં ખાવાની, રહેવાના મકાનની, પત્નીની, પરિવારની ચિંતા તેણે કરી. મનગમતા ઇન્દ્રિયના વિષયો મળી જતાં પોતાની જાતને તેણે 'પરિપુર્ણ' માની લીધી ! પરંતુ આ પરિપુર્ણતા એ કર્મની દીધેલ છે. આ વાત તે ભુલી ગયો આ એક જ ભુલે નવી સેંકડો ભુલોને જન્મ આપવાનું કામ કર્યું. કારણ કે-પુર્ણતા માની તેણે બાહ્ય સામગ્રીઓની પ્રાપ્તિમાં, અપુર્ણતા માની બાહ્ય સામગ્રીઓના અભાવમાં ! બાહ્ય સામગ્રીઓની ઓછાશમાં ! આ માન્યતાએ તેને બાહ્યમાં જ દોડાવ્યો.... સામગ્રીઓના ખડકલાને એકઠા કરવામાં ટકાવવામાં જ તેણે પોતાના જીવનની ઇતિ કર્તવ્યતા માની લીધી.

શાસ્ત્રકાર ભગવંતો આ સામગ્રીઓને લગ્ન સમયે પડોશીનાં ઉછીનાં લાવેલાં ઘરેણાં જેવી ગણાવે છે, લગ્નનો પ્રસંગ પુરો થતાં જેમ પડોશીને તેનાં ઘરેણાં પાછાં આપી દેવાં પડે, તેમ પુણ્યકર્મનો ઉદય પુરો થતાં જ આ સામગ્રીઓને કર્મસતા આંચકી લે. જીવને પાછો ભિખારી બનાવી દે !

એકવાત ખાસ સમજી રાખજો કે આ દુનિયામાં તમારી સઘળીય અનુકુળતાઓ પુણ્યકર્મને આધીન છે, એ જ્યા સુધી સલામત ત્યાં સુધી તમે સલામત ! જે દિવસે એ પરવારે તે દિવસે તમારે નાહી નાખવાનું !

બે મિત્રો એકવાર વાદવિવાદમાં ચડી ગયા, એક કહે : આ દુનિયામાં પુરુષાર્થ જ જીતે ! બીજો કહે : પુણ્ય જ જીતે ?

એક વખત ફરતાં ફરતાં જંગલમાં જઈ ચડયા બન્ને થાકેલા હતા. અચાનક એક ધર્મશાળા દેખાઇ, બન્ને તેમાં પ્રવેશ્યા બન્નેને ભારે ભુખ લાગેલી.

પેલો પુણ્યવાદી તો ધર્મશાળાની ઓરડી ખોલીને તેમાં ખાલી પડેલા પલંગ પર સૂઈ ગયો, પેલો પુરૂષાર્થવાદી ભારે થાકેલો છતાં ભોજનની તપાસ કરવા ધર્મશાળાની ઓરડીઓમાં ફરવા લાગ્યો. ત્રીજે માળે પહોચ્યો. એક ખાલી ઓરડી જોઈ, ખુલ્લો કબાટ જોયો. કબાટમાં એક ડબ્બો પડેલો જોયો, ડબ્બો ખોલ્યો, તેમાં ૨૪ પેંડા હતા. પેંડા જોતાવેંત ખુશ થઇ ગયો. ભૂખ સખત લાગલી એટલે એક સાથે ૧૨ પેડાં ખાઈ ગયો, પછી તેના મનમાં થયું કે મારો મિત્ર ભૂખ્યો તરસ્યો નીચે સૂતો છે. તો લાવ. તેને બાકીના ૧૨ પેંડા 'ખવડાવું' !

નીચે આવ્યો આરડીમાં પ્રવેશીને જોયું તો પેલો પુણ્યવાદી તો ઘસઘસાટ ઉંઘતો હતો ! આને ચીડ ચડી.... લાફો મારી દીધો ! મુરખ ! ઉભો થા ! ઉંઘ્યા કરે છે ?

પેલો તો આંખો ચોળતો ચોળતો ઉભો થયો કેમ શું છે?

પાગલ ! પુણ્ય પુણ્ય કહીને સુઈ ગયો પણ જો મેં આ પુરુષાર્થ ન કર્યો હોત તો તારો બાપ તને પેંડા પહોંચાડવાનો હતો? આ તો હું ધર્મશાળામાં ફર્યો, કબાટ ખોલ્યો, ડબ્બો શોધી કાઢયો.... ત્યારે તેમાં રહેલા પેંડા મળ્યા ! ૧૨ પેંડા મેં ખાધા અને ૧૨ પેંડા તારા માટે રાખ્યા. લે આ પેંડા અને હવે તો કબૂલ કરીશ ને કે પુણ્ય કરતાં પુરુષાર્થ વધુ બળવાન છે...?'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સાંભળતા જ પેલો પુણ્યવાદિ ખડખડાટ હસવા લાગ્યો. 'મુરખ તો હું કે તું?' આ પ્રસંગે તો મારી જ માન્યતાને પુષ્ટ કરે છે પેંડા શોધવાની મહેનત તે કરી. ધર્મશાળામાં તું ફર્યો, ડબ્બાઓ તેં શોધ્યા. નીચે સુધી પેંડા પણ તું જ લઇ આવ્યો. હું સૂતો જ રહ્યો અને મને તો સૂતા સૂતા પેંડા મળી ગયા! મારું પુણ્ય હતું તો મને પેંડા પહોંચાડવા તારે છેક અહીંયા સુધી આવવું પડયું હવે તું જ કહે, પુણ્ય જીતે કે પુરુષાર્થ?' આ સાંભળીને પેલો પુરુષાર્થવાદી તો મૌન જ થઈ ગયો.

મૂળ વાત આ છે કે, સંસારમાં પુણ્યના આધારે જીત મળે છે, જ્યારે આધ્યાત્મિક જગતમાં પુરુષાર્થના આધારે વિજય મળે છે.

પાપીઓ પણ આ દુનિયામાં જીત્યા હોય તો તેનું કારણ એ હતું કે તેઓના પક્ષમાં પુણ્ય હતું સજ્જનો પણ આ સંસારમાં હેરાન થયા હોય તો તેનું કારણ એ હતું કે તેઓના પક્ષે પુણ્યની કચાશ હતી. આની સામે એક વખતના પાપીઓ પણ સાધનાના માર્ગે પ્રવેશ્યા પછી માત્ર ટૂંક સમયમાં પોતાનું આત્મકલ્યાણ સાધી શક્યા હોય તો તેનું મુખ્ય કારણ તે લોકોનો પ્રચંડ પુરુષાર્થ હતો. જ્યારે સાધનાના જીવનને પામ્યા પછી પણ ધર્માત્માઓ જો હારી ગયા હોય તો તેના કારણમાં તેઓના પુરુષાર્થની કચાશ હતી એટલે નિષ્કર્ષ એ આવ્યો કે દુનિયામાં સફળતા મેળવવા માટે પુણ્ય જોઇએ. સાધનાના જીવનમાં સફળતા મેળવવા માટે પુરુષાર્થ જોઇએ.

હવે વિચારો કે સંસારમાં સફળતા કેટલી બધી સંદિગ્ધ? કારણ કે તેની ચાવી પુણ્યકર્મના હાથમાં! એ જ્યાં સુધી અનુકૂળ ત્યાં સુધી લીલાલહેર! જ્યાં એ પરવાર્યું ત્યાં વર્તે કાળો કેર! ત્યારે સાધનાના જીવનમાં સફળતા મેળવવી કેટલી બધી સહેલી? કારણ કે તેની ચાવી તમારા જ પોતાના પુરુષાર્થમાં! જેટલા જોરદાર પુરુષાર્થ તમે કરો, તેટલી શીઘ્ર સફળતા મેળવો!

પુણ્ય અને પુરુષાર્થના આ ગણિતને બરાબર નજર સામે રાખીને જીવન જોવવાનું ચાલુ કરીએ તો પ્રત્યેક પળે મન અદ્ભુત સ્વસ્થતાનો અનુભવ કરવા લાગે.

* શરીરને નીરોગી રાખવું એ પુણ્યકર્મના હાથમાં! જ્યારે રોગિષ્ટ અવસ્થામાં ય ચિત્તની સમાધિ ટકાવી રાખવી એ મારા હાથમાં.

* શ્રીમંત બનવું એ પુણ્યને આધીન! જ્યારે ગરીબાઇમાં ય દિલની અમીરી જાળવી રાખવી એ મને આધીન.

* માન આપવાનું કામ પુણ્યનું! જ્યારે અપમાન થાય ત્યારે ય મનની મસ્તી ટકાવી રાખવી એ કામ મારું.

* ભોગ સામગ્રીઓ પુણ્યને આધીન! જ્યારે ત્યાગ મને આધીન.

* પુણ્ય ચક્રવર્તી બનાવે! જ્યારે પુરુષાર્થ કેવળ જ્ઞાની બનાવે.

વાસ્તવિકતા આ જ છે, તો પછી આ ઉત્તમોત્તમ જીવનમાં આડાઅવળા ફાંફા શા માટે મારવા? પરાધીન વસ્તુઓને મેળવવા પાછળ શક્તિઓને વેડફી નાખવાને બદલે સ્વાધીન એવા આત્મગુણોને અર્જિત કરવાનો એક માત્ર પ્રશસ્ય પુરુષાર્થ શા માટે ન કેળવવો?

હા, એ પુરુષાર્થ શરૂઆતમાં કષ્ટદાયી લાગશે મનને અકળાવનારો લાગશે પરંતુ અંતે તો એ પુરુષાર્થ જ અકલ્પ્ય સફળતાને લાવી મુકશે.

આ પુરુષાર્થ માટેની પહેલી શરત છે.

આત્માને જિનાજ્ઞાના બંધને બાંધવાની! ભૂલશો નહિં. આ દુનિયામાં સ્વતંત્રની વાતો ગમે તેટલી ચાલતી હોય, પણ ત્યાં સ્વતંત્રતાના નામે કેવળ સ્વચ્છંદતા પોષવાની જ વાત છે.

સાચી વાત તો એનું નામ કે જ્યાં કોઇ પણ જાતની આસક્તિની ગુલામી ન હોય. કોઇના પ્રત્યેય દુશ્મનાવટનો ભાવ ન હોય, કયાંય બીજાને ગુલામ બનાવવાની મનોવૃત્તિ ન હોય. હા, એટલું ચોક્કસ કે આવી સ્વતંત્રતા એને જ પ્રાપ્ત થાય છે કે જેઓ આવી સ્વતંત્રતા મેળવી ચૂકેલા આત્માઓની આજ્ઞાને સંપુર્ણ શ્રદ્ધાથી સ્વીકારવા તૈયાર થાય છે. આવા આત્માઓની સ્વીકારેલી શરણાગતિ આપણને સ્વતંત્રતા આપ્યા વિના રહેતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના નામ

— ડૉ. કુમારપાળ દેસાઈ

ભગવાન મહાવીરનો જન્મ થયો તે કાળે ધરતી પર જીવ માત્ર સંતપ્ત હતા. સ્વર્ગના શોખીન થોડા માણસોએ પૃથ્વી પર બહુ મોટા જનસમાજ માટે નર્ક ખડુ કરી દીધું હતું. માણસ પ્રારબ્ધને ખોળે જઈને બેઠો હતો. પોતાના હાથ, પગ અને મગજ નિષ્ક્રીય કરી પુરુષાર્થથી પરવારી ગયો હતો. એ એમ માનવા લાગ્યો હતો કે જે કાંઇ થાય તે પ્રારબ્ધથી થાય છે. પણ એ વાતને સ્વીકારતો નહોતો કે પ્રારબ્ધ પણ ઘડાય છે પુરુષાર્થથી.

એ સમયે અને એ કાળે મંદિરો માયા અને મદનાં ધામ બન્યાં હતાં. યજ્ઞ અને દક્ષિણા એના મુખ્ય કાર્ય બન્યાં હતાં. પોતાના પાપ ધોવા કાજે બીજાનું લોહી રેડવામાં ધર્મ માનતો. યજ્ઞોની ભડભડતી જ્વાલા અનેક જીવોને સ્વાહા કરી જતી. હજારો પશુઓ વેદી પર પોતાનો જાન ગુમાવતાં અને મારનાર માનતો કે એને સ્વર્ગની પ્રાપ્તિ થશે. રાજાઓ નાની નાની લાલસાની તૃપ્તિ માટે સમરાંગણો જગાવી દેતા. શાસ્ત્રો દુહાઇ દેતા કે એવા સમરાંગણમાં મરનાર સ્વર્ગ પામશે. હજારો સ્ત્રીઓનાં મંગળતિલક ભૂંસાતા. હજારો નિર્દોષ બાળકો અનાથ બની જતા. જ્ઞાન પર મૂઠીભર લોકોનો કબજો હતો. તપ પણ અમુક લોકોના તાબામાં હતું. ગરીબ અને હલકાં વર્ણને વળી જ્ઞાન શું? અમુક વર્ગથી જ શાસ્ત્ર વંચાય, બીજાથી તો એનું શ્રવણ પણ ન થાય. જો કોઈ ખાનગી ખૂણે શાસ્ત્ર ભણે કે સાંભળે એના કાનમાં ધગધગતું સીસું રેડાય.

સ્ત્રીની સ્થિતિ ભારે કફોડી હતી એ ગુલામની પણ ગુલામ હતી. એને પરિગ્રહ–માલસામાન જેવી સંઘરવાની વસ્તુ માનવામાં આવતી હતી. એનું સ્વતંત્ર વ્યક્તિત્વ એ યુગને અણગમતું હતું. કોઢના પશુની મુક્તિ સરળ હતી, પરંતુ મૃત્યુ વિના સ્ત્રીની મુક્તિ અસંભવિત હતી. ચારે વર્ણ ઉંચનીચના ભાવથી સાપ-નોળિયાની જેમ વર્તતા હતા. જન્મજાત મોટાઇનો ભારે કેફ હતો. દાસ અને અછૂતની દુર્દશાનો કોઈ પાર નહોતો, એને પૃથ્વી પર રહેવા ઘર નહોતું. મોટા લોકોના બેફામ જુલ્મો અને આવચારી ત્રાસ મૂંગે મોઢે સહેવા પડતા. શત્રુતા એ મર્દાનગી લેખાતી અને મૈત્રી માગનાર માયકાંગલો કહેવાતો. શત્રુના રક્તમાં સ્નાન કરવાની શૂરાતનની પરાકાષ્ઠા લેખાતી. માણસ અંધારામાં બાચકા ભરતો હતો. પ્રકૃતિનો પોકાર ગજબનો હતો. આત્માઓની આહ અજબની હતી. એ આહ અને પોકારનો પ્રતિધ્વનિ હોય તેમ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરનો જન્મ થયો, પૃથ્વીના નરકવાસમાં આપમેળે અજવાળા થયાં.

આ સમયે ભારતવર્ષમાં અનેક રાજ્યો હતા, કેટલાંક રાજ્યોમાં રાજા રાજ્ય કરતો. જ્યારે કેટલાંક રાજ્યોમાં જનસંઘ અને મહાજન રાજ ચલાવતાં હતા. વિદેહ રાજ્યની પાટનગરી વૈશાલી ગંડકી નદીને તીરે આવી હતી. આ નગરીના અનેક પરાં હતાં. એમાંનું એક પરું હતું કુંડગ્રામ. આ કુંડગ્રામમાં રાજા સિદ્ધાર્થ રહેતા હતા. તેઓ હતા તો ક્ષત્રિય, પરંતુ અહિંસા અને સત્યમાં માનનારા હતા. તેઓ ૨૦૦ વર્ષ પહેલાં થઇ ગયેલા શ્રી પાર્શ્વનાથનો અહિંસાધર્મ પાળતા હતા. આવા રાય સિદ્ધાર્થની રાણી ત્રિશલાદેવીને ચૌદ સ્વપ્નાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે. આ સ્વપ્ન નીરખી રાણી જાગી ગયાં. અને એણે રાજા સિદ્ધાર્થને ચૌદ સ્વપ્નની વાત કરી. રાજાએ સ્વપ્ન–પાઠકોને રાજસભામાં બોલાવીને આ સ્વપ્નનું રહસ્ય પૂછયું તો એમણે આ ચૌદ મહાસ્વપ્નોનો અર્થ તારવી આપ્યો.

સ્વપ્ન–પાઠકોએ કહ્યું કે પહેલું ચાર દાંતવાળું હાથીનું સ્વપ્ન એ સૂચવે છે કે તે ચાર પ્રકારના ધર્મને કહેનારો થશે. આ ચાર પ્રકારના ધર્મ તે શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા રૂપ છે.

બીજું સ્વપ્ન છે વૃષભનું એ સૂચવે છે કે પૃથ્વી પર ધર્મનો રથ અધર્મના કાદવમાં ખૂંપી ગયો છે આપનો પુત્ર એ કાદવમાંથી ધર્મના રથને કાઢનાર ધર્મધારી બનશે.

ત્રીજું કેસરી સિંહનું સ્વપ્ન સૂચવે છે કે જેમ સિંહ કામ જેવા વિકારોરૂપ ઉન્મત્ત હાથીઓનો નાશ કરે છે અને ભવ્ય જીવરૂપ વનનું સંરક્ષણ ક. છે એજ રીતે તમારો પુત્ર નીડરતા, વીરતા અને ઉદારતામાં એક અને અજોડ હશે.

ચોથું લક્ષ્મીદેવીનું સ્વપ્ન સૂચવે છે કે એ વાષિક દાન આપીને તીર્થંકર પદના અપાર ઐશ્વર્યનો ઉપભોગ કરશે.

પાંચમું માળાનું સ્વપ્ન બતાવે છે કે એ ત્રણેય ભૂવનમાં મસ્તક પર ધારણ કરવા યોગ્ય એટલે કે ત્રિલોક પૂજ્ય થશે.

છઠ્ઠું ચંદ્રનું સ્વપ્ન સૂચવે છે કે એ સંતાપભર્યા સંસારમાં શીતલતા પ્રસરાવશે અથવા તો ચંદ્રમા સમાન શાંતિદાયી ક્ષમાધર્મનો ઉપદેશ આપશે.

સાતમું સ્વપ્ન છે સૂર્યનું અને એનો અર્થ એ છે કે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર અને જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવનાર સૂરજ જેવો તેજસ્વી થશે.

આઠમું ધજાનું સ્વપ્ન સુચવે છે કે તમારા કુળમાં એ ધજા સમાન બનશે.

જ્યારે નવમું કળશનું સ્વપ્ન એનામાં સર્વ સંપત્તિઓ સમગ્ર શક્તિઓ અને સંપૂર્ણ લબ્ધિઓનો વાસ બતાવે છે.

દસમું સરોવરનું સ્વપ્નદર્શન બતાવે છે કે સંસારના તળાવને કાંઠે બેસીને તરસ્યા રહેલા અને મખમલી છત્ર પલંગ પર આરામ કરવા છતાં થાકેલા લોકોના મન-તનના તાપ દૂર કરનાર સરોવર જેવો બનશે.

અગિયારમું સમુદ્રનું સ્વપ્ન બતાવે છે કે સમુદ્રની માફક અનંત જ્ઞાન–દર્શનરૂપ મણિરત્નો ધારણ કરનાર થશે.

બારમું દેવોનું વિમાન એ બતાવે છે કે એની કીર્તિ ઉંચે ઉંચે દેવભવન સુધી જશે. દેવોને પણ વંદ્ય બનશે,

તેરમું રત્નોનુ ખાણનું સ્વપ્ન એને ગુણરત્નની ખાણ બતાવે છે.

ચૌદમું અગ્નિની જ્યોતનું સ્વપ્ન એ આત્મજ્યોતિનો ભાવ બતાવે છે.

આ રીતે સ્વપ્ન પાઠકો કહે છે કે તમારે ત્યાં સર્વગુણ સંપન્ન લોકનાયકનો જન્મ થશે. નવેખંડમાં એનું નામ પ્રખ્યાત થશે.

આ સમયે રાજા સિદ્ધાર્થ પાસે ખેડુતો આવે છે. અને કહે છે, 'કારણ કંઇ જણાતું નથી, પરંતુ જમીનના કસકસ વર્ધમાન છે.'

ગોવાળિયા આવીને કહે છે, 'રાણીજી, કંઇ નવતર કારણ ઉભું થયું નથી પણ ગાયોના દુધ વર્ધમાન છે, ગોચરમાં ઘાસ વધ્યા છે.'

વનવાસીઓ કહે છે, 'આંબા એના એ છે ને ફળનો કોઈ પાર નથી. વેલીઓ ફુલથી અને વૃક્ષ ફળથી લચી રહ્યાં છે.'

નાગરિકો કહે છે, 'આ વર્ષે ન જાણે સુખાકારી સારી છે. મૃત્યુ ઓછા થયા છે અને અકાળ મૃત્યુ તો થતાંજ નથી. મન વિના કારણે ઉત્સાહ આનંદથી વર્ધમાન છે.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાવકના ૨૧ ગુણો

પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા, ભાવનગર.

પ્રસ્તુત વિષય-પ્રવેશ પહેલા સામાન્ય અર્થમાં જેને આપણે શ્રાવક તરીકે ઓળખીએ છીએ તે કોણ તે વિચારી લઈએ.

શ્રી વીતરાગ પ્રભુના વચન પર વિશ્વાસ રાખનાર અને સારાસાર વિશે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરનાર-જીવનમાં સત્કર્મ કરનાર હોય તેનું નામ શ્રાવક.

### ભગવાન મહાવીરના નામ

આ સાંભળી રાજા સિદ્ધાર્થ કહે છે, 'જો જ્યોતિષીઓની આગાહી ફળશે તો મહાન આત્મા જગતમાં આવશે. મારા હૈયામાં પણ કોણ જાણે કેમ હર્ષ વર્ધમાન છે'

રાણી ત્રિશલાદેવી કહે છે કે, 'મારા મનમાં પણ અપૂર્વ મંગલ થાય છે. આપણે બાળકનું નામ વર્ધમાન રાખીશું ?'

વર્ધમાન એટલે વધવું. પોતાના અંતરની દુનિયા તરફ આગળ વધવું. જે ભીતરમાં પ્રયાણ કરે છે તે જ વર્ધમાનનો સાચો અનુયાયી ગણાય. જે સતત આત્મકલ્યાણને માર્ગે વિકસતો રહે છે એ જ વર્ધમાનના પથનો સાચો યાત્રી ગણાય.

ભગવાન મહાવીરના જુદા-જુદા ગ્રંથોમાં પાંચ નામ મળે છે અને એ છે વીર, મહાવીર, અતિવીર સનમતિ અને વૈશાલિક આ ઉપરાંત વિદેહ અને સાતપુત્રના નામે પણ તેઓનું સંબોધન થાય છે આ પ્રત્યેક નામની પાછળ ઉંડો મર્મ છુપાયેલો છે. પર્યુષણ પર્વના દિવસે એ મર્મનો વિચાર કરીએ.

શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલા મૂળ બાર વ્રતોને ધારણ કરનાર શ્રાવકના ૨૧ ગુણો નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. અક્ષુદ્ર : વાણી તથા દૃષ્ટિની ગંભીરતાવાળો, કોઈનું અહિત ન થાય તેવી પ્રવૃત્તિવાળો અને ઉદાર હોય, કડવી વાતોને પચાવી લેનાર હોય, આવા ગુણોવાળો શ્રાવક-શ્રાવકધર્મને બરાબર નિભાવી શકતો હોય.

૨. રૂપવાન : રૂપવાન એટલે બાહ્ય વર્ણથી સ્વરૂપવાન હોય કે ગૌરવર્ણ હોય એવો અર્થ નથી. પાંચેય ઈન્દ્રિયોની પૂર્ણતા હોય કે જેથી તે તપ, ધર્મ અને આચારોની યોગ્યતાને નિભાવી શકે.

૩. સૌમ્ય : વાણી, વર્તન અને વ્યવહારથી જે નમ્ર હોય, જેના સાન્નિધ્યમાં બીજાને ચંદનની શીતળતાનો અનુભવ થાય, જેની શાંત પ્રકૃતિમાં અન્યના દોષો ઓગળી જતા હોય અને સ્નેહ-વાત્સલ્યરૂપી વાણીની અમીધારામાં અન્ય જીવ અમીસ્નાન કરી શકતો હોય તેવા ગુણવાળો શ્રાવક એટલે સૌમ્ય ગુણવાળો શ્રાવક. આ ગુણના સમર્થનમાં વિદ્વાન કવિ શ્રી પ્રવીણભાઈ દેસાઈ (બોટાદ) પોતાની એક રચનામાં લખે છે :

"હેતભર્યા જે દુજ હૈયામાં એની ઉપર ઢોળી દે,
કરૂણાની પાવકધારામાં એના પાપ ઝબોળી દે.
બંધ થયાં જે ચક્ષુ એના હળવે રહીને ખોલી દે,
એનો પણ ઉદ્ધાર થશે ને તારો પણ ઉદ્ધાર થશે.
તારા નામે ધર્મતણો દુનિયામાં જયજયકાર થશે...."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪. લોકપ્રિય : પરનિંદા, જુગાર, મશ્કરી આદિ લોકવિરુદ્ધ કાર્યો કરનારો ન હોય. સ્યાદ્વાદ, વિનય, દાન, શિયળ, નમ્રતા જેવા ગુણો વડે તે લોકપ્રિય હોય.

૫. અક્રૂર : આવો શ્રાવક મન, વચન કે કર્મથી જ કલેશ કે કષાયથી પર હોય, તેની મુખ-મુદ્રા પ્રસન્ન હોય, પારકાનું દુઃખ જોઇ તેનું હૃદય દ્રવી જતું હોય, આવા ગુણવાળો શ્રાવક અક્રૂર કહી શકાય.

૬. પાપભીરૂ : જે શ્રાવક આલોક-પરલોકના દુઃખોથી ડરતો હોય. પાપપ્રવૃત્તિ જેવી કે ચોરી, જુગાર, માંસભક્ષણ, દારૂસેવન, રાત્રિભોજન વગેરેથી દૂર રહેનાર હોય, સમાજમાં અપયશ મળવાની બીક હોય તે પાપભીરૂ કહી શકાય

૭. અશઠ : શ્રાવકનો આ ગુણ તેની કપરી કસોટી કરનારો ગણી શકાય. આજે જ્યાં દેખાદેખી અને આડંબર વધી ગયા છે એવા વાતાવરણમાં વિચાર, વાણી અને વ્યવહારમાં સરળ અને નિર્મળ રહેવું, આડંબરરહિત કાર્ય કરવા કે અન્યનો વિશ્વાસ સંપાદન કરવો એ અઘરૂં છે. આ ગુણવાળો શ્રાવક અશઠના ગુણવાળો છે.

૮. દાક્ષિણ્ય : કોઇની પણ ઉચિત પ્રાર્થનાનો અનાદર ન કરે. પોતાનું કાર્ય છોડીને પણ આવેલ દુઃખીને સહાય કરે.

૯. લજ્જાળુ : અયોગ્ય કાર્યો કરતાં લજ્જા પામનારો, સદાચારી, અયોગ્ય કાર્ય થઈ જાય તો પસ્તાવો કરનારો હોય.

૧૦. દયાળુ : દયા એ ધર્મનું મૂળ છે એમ સમજી મન, વચન અને કાયા વડે અહિંસાની ભાવનાથી જીવન જીવવા પ્રયત્નશીલ રહે. મુનિશ્રી ચિત્રભાનુના શબ્દો યાદ કરીએ :

"દીન, ક્રૂર ને ધર્મવિહોણાં દેખી દિલમાં દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે,'

૧૧. માધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ : તીવ્ર રાગદ્વેષથી રહિત હોય, નિષ્પક્ષપાતી, શાંત મુદ્રાવાળો તથા સ્તુતિ અને નિંદા બેઉ તરફ સમાન દૃષ્ટિ રાખનારો સત્યનો ગ્રાહક હોય

૧૨. ગુણાનુરાગી : જે શ્રાવક ગુણગ્રાહી દૃષ્ટિ-વાળો હોય, ગુણીજનોના ગુણ પ્રત્યે આદર રાખનાર હોય, પ્રાપ્તગુણોની રક્ષા કરનારો અને ઉપયોગી ગુણની પ્રાપ્તિમાં ઉદ્યમવાળો હોય તેવો શ્રાવક ગુણાનુરાગી કહેવાય. ગુણદૃષ્ટિ જીવનને ઉર્ધ્વગતિ તરફ લઈ જાય છે. જ્યારે દોષદૃષ્ટિ જીવનને અધો-ગતિ તરફ લઇ જાય છે.

૧૩. સત્કથ : ધર્મકથા વાંચવામાં અને સાંભળવામાં રસ ધરાવે તે શ્રાવક સત્કથ ગુણવાળો કહેવાય એ શ્રાવક વિકથામાં અરૂચિ ધરાવતો હોય. વિકથા એટલે રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભક્તકથા (ભોજન કથા)

૧૪. સુપક્ષયુક્ત : જે શ્રાવકના સ્નેહીઓ, સ્વજનો અને પડોશીઓ ધર્માનુરાગી હોય, જે શ્રાવક આવા ગુણોવાળી વ્યક્તિઓનો સંગ કરે તેવા ગુણવાળો શ્રાવક સુપક્ષયુક્ત ગુણવાળો શ્રાવક કહેવાય,

૧૫. દીર્ઘદર્શી : કેટલીક વખત પરિણામનો વિચાર કર્યા વગર જે કાર્ય કરે છે તેને પાછળથી પસ્તાવો કરવાનો વારો આવે છે. પરંતુ જે પ્રત્યેક કાર્ય વિવેકપૂર્વક, શુભાશુભ પરિણામનો વિચાર કરીને કરનારો હોય તે દીર્ઘદૃષ્ટિનો ગુણ ધરાવનાર શ્રાવક કહેવાય.

૧૬. વિશેષજ્ઞ : ધર્મના વિશેષ સ્વરૂપને સૂક્ષ્મ-રીતે જાણનારો હોય. વસ્તુના ગુણ–દોષ તારવી શકે. શ્રવણ, મનન અને ચિંતન વડે ધર્મનો મર્મ સમજી શકે.

૧૭. વૃદ્ધાનુગ : જ્ઞાનવૃદ્ધ, ચરિત્રવૃદ્ધ અને વયોવૃદ્ધ ઉત્તમ પુરુષોની સેવા કરનારો હોય. તેમની શિખામણને અનુસરનારો તથા તેમણે સ્થાપેલી મર્યાદાઓનું પાલન કરનારો હોય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮. વિનીત : "વિદ્યા વિનયથી શોભે છે." આ કહેવત અનુસાર સર્વ ગુણોમાં કલગી સમાન છે. મોક્ષનું મૂળ વિનય છે. એમ સમજી અધિક ગુણીનો વિનય કરનારો હોય તે ગુણ.

૧૮. કૃતજ્ઞ ; સમાજમાં ત્રણ પ્રકારના મનુષ્ય છે. બુરાઇનો બદલો ભલાઇથી આપનારા, ભલાઇ સામે ભલાઇ કે બુરાઇ સામે બુરાઈ કરનારા અને ભલાઈ સામે પણ બુરાઈ આચરનારા. સાચો શ્રાવક કોઇના કરેલા ઉપકારને કદીપણ ભૂલતો નથી, નાનકડા ઉપકારનો બદલો અનેકગણો કરી વાળે છે. જેમ કે કેરીનો એક ગોટલો વાવવાથી અનેક ઘણાં આંબા પ્રાપ્ત થાય છે. આવા ગુણવાળો શ્રાવક અન્યનો ઉપકાર ભૂલી જઈ ઉપકારની વૃત્તિ જ રાખે છે.

૨૦. પરહિતાર્થકારી : નિ:સ્વાર્થ પરોપકારની વૃત્તિવાળો શ્રાવક આસપાસના સમાજનું હિત વિચારનારો છે. આવો શ્રાવક અન્ય વ્યક્તિની પ્રાર્થના ન હોય તો પણ તેના ઉપર ઉપકારની વૃત્તિ રાખે છે.

૨૧. લબ્ધલક્ષ્ય : ધર્મ અનુષ્ઠાનનાં વ્યવહારમાં અત્યંત કુશળ હોય. મનુષ્યજીવનનું લક્ષ્ય શું છે? તે વિચાર કરી આત્મદર્શન એજ અંતિમ ધ્યેય છે તેવી ભાવનાવાળો હોય.

ઉપરોક્ત ૨૧ ગુણોવાળો ધર્મપ્રાપ્તિ માટે ઉત્તમ વિચાર કરી આચરણ કરનાર શ્રાવક જીવનમાં સત્કર્મ કરે છે. અંતે કવિ શ્રી પ્રવીણભાઇ દેશાઇના શબ્દોને ફરી યાદ કરીએ.

"નાનકડો આ ભવનો મંડપ સદ્‌ગુણથી શણગારો,
તૃપ્ત બને સૌ છાયે બેસી એવું જીવન પસારો."

જૈનં જયતિ શાસનમ્

સંદર્ભ પુસ્તક : (૧) તત્વજ્ઞાન પ્રવેશિકા
(૨) આતમઝંખે છૂટકારો.

---

( અનુસંધાન ટાઇટલ પેજ છેલ્લાનું ચાલુ )

સંઘનું આકર્ષણ ભાવનગર બનેલું તે વખતે ૩૬ ઉપવાસ અને ફક્ત આઠ જ બેસણાનું તપ હતું. તેવું તપ એકી સાથે ૮૦૦ની સંખ્યામાં કોઇ સ્થળે થયું હોય તેવું સંભળાયેલ નહીં તેમ ભાવનગરમાં આ મહાન તપસ્યામાં ૭૦૦ આશરે આરાધકો જોડાયા છે એકી સાથે સમૂહમાં ૩૨ બેસણા થયા હોય તેવો પ્રથમ બનાવ છે. અનુભવીઓ કહે છે કે આ તપના આરાધકોની સંખ્યા રેકર્ડરૂપ છે.

સૌરાષ્ટ્રભરમાં મૂર્તિપૂજક જૈનોની સંખ્યામાં પ્રથમ આવતું ભાવનગર ધાર્મિક તપસ્યાની સમુહ કઠીન તપસ્યામાં ભારતભરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે.

ભાવનગર જૈન સંઘની ઘણી વિશિષ્ટતાઓ છે. સમગ્ર શહેરના ૧૧ જીનાલયો, ૧૫ ધાર્મિક પાઠશાળાઓ, ૯ ઉપાશ્રયો હોવા છતાં વહીવટ એક જ સ્થળેથી ચૂંટાયેલા કમીટીના સભ્યો દ્વારા સમૂહમાં એકતા અને સંપથી શેઠ ડોસાભાઇ અભેચંદની પેઢી દ્વારા થાય છે.

દરરોજ નિયમિત નુતન ઉપાશ્રયે તથા દાદાસાહેબ ઉપરાંત ગોડીજી, કૃષ્ણનગર, વડવા, શાસ્ત્રીનગરના વ્યાખ્યાનોમાં વિશાળ સંખ્યામાં લોકો શ્રવણનો લાભ લે છે.

યશકલગી રૂપ પૂ૦ પં૦ પ્રદ્યુમ્નવિજયજી મહારાજ તથા પૂ૦ મુનીરાજ રત્નસુંદરવિજયજી મહારાજ દર રવિવારે ટાઉનહોલમાં જુદા જુદા સમજવાલાયક વિષયો પર જાહેર પ્રવચનો દ્વારા સતત ૯૦ મીનીટ લોકોને મુગ્ધ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થા સમાચાર

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી "શ્રી નમસ્કાર-મહામંત્ર" લેખિત નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપાસંઘના ૧૫થી ૩૫ વર્ષ સૂધીના ભાઇઓ અને બહેનોએ ભાગ લીધો હતો. આ લેખિત સ્પર્ધા સભાના હોલમાં તા. ૧૦-૬-૯૦ને રવિવારના રોજ સવારના ૧૦-૩૦થી ૧-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવી હતી. તેમાં કુલ ૨૬ ભાઇઓ અને બહેનોએ ભાગ લીધો હતો. દરેકે "નમસ્કાર-મહામંત્ર"નો મહિમા, પ્રભાવ, વ્યાપકતા અને અલૌકિકતા વિગેરે ઉપર પોતાની મૌલિક ભાષામાં આઠ પાનાનો નિબંધ લખ્યો હતો.

પ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ, પ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પ૦પૂ૦ પન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં તા, ૮-૭ ૯૦ ને રવિવારના રોજ વ્યાખ્યાન સમયે સવારના ૮-૩૦ વાગે તમામ સ્પર્ધકોને ઇનામો આપવાનો ભવ્ય સમારંભ નુતન ઉપાશ્રયે યોજવામાં આવ્યો હતો. પ. પૂ આ. મ. શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે અને પ. પૂ પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબે "ધર્મચક્ર તપ" ઉપરનો મહિમા અને "નમસ્કાર-મહામંત્ર" ઉપરનો મહિમા શ્રોતાજનોને સુંદર રીતે સમજાવ્યો હતો

પ્રથમ આવનારને ચાંદીની વાટકી અને ચાંદીની દીવી આપવામાં આવી હતી. બીજા અને ત્રીજા આવનારને ચાંદીની વાટકી આપવામાં આવી હતી. તે પછીના નવ સ્પર્ધકોને દેરાશર લઇ જવા માટેની પૂજાની પેટી આપવામાં આવી હતી, બાકીના ચૌદ સ્પર્ધકોને સ્ટીલની ડીસ આપવામાં આવી હતી. આ તમામ ઇનામો શ્રી જૈન આત્માનંદ સભા તરફથી આપવામાં આવ્યા હતા.

❋

સંસ્કૃત ભાષાના ઉત્તેજન માટે ભાવનગર જૈન શ્વે. મૂ તપા સંઘમાંથી સને ૧૯૯૦ની સાલમાં S. S. C. પરિક્ષામાં સંસ્કૃત વિષય લઈને અને સંસ્કૃતમાં ૮૦ ટકા માર્કસ મેળવીને પાસ થયા હોય તેવા વિદ્યાર્થી ભાઇઓ અને બહેનોની અરજીઓ લેવામાં આવી હતી. કુલ ૧૫ અરજીઓ આવેલ હતી. પ્રથમ નંબર આવનાર એટલે સંસ્કૃત વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનારને રૂા. ૧૦૧ પારિતોષિક ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા. બીજા નંબર આવનારને રૂા. ૭૧, અને ત્રીજા અને ચોથા નંબરે આવનારને રૂા. ૬૧ આપવામાં આવ્યા હતા. પછીના પાંચ નંબરો આવનારને રૂા. ૫૫ અને પછીના છ નંબરો આવનારને રૂા. ૫૧ આપવામાં આવ્યા હતા. કુલ રૂા. ૮૭૫ ના ઇનામો આપવામાં આવ્યા હતા.

❋

ભાવનગર જૈન શ્વે. મૂ તપાસંઘમાંથી જરૂરીયાતવાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થી ભાઇઓને, જેઓએ કોલેજમાં ફી ભરી હોય તેવા કુલ ૨૫ વિદ્યાર્થી ભાઈઓને આ વર્ષે રૂા. ૪૨૦૦/- અંકે રૂા. બેતાલીસોની શિષ્યવૃત્તિ આ સભા તરફથી આપવામાં આવેલ છે.

❋

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31

ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘના ઉપક્રમે

# ભાવનગરના આંગણે મહાન તપસ્યા

## 'ધર્મચક્ર–તપ'નું ભવ્ય આયોજન

### પૂ. આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા. આદિની પુનીત નિશ્રામાં ૮૨ દિવસ સુધી ૭૦૦ આરાધક ભાઈ–બહેનો ૪૫ ઉપવાસ, ૩૭ બેસણા તથા ધાર્મિક ક્રિયાઓ નિયમિત કરશે.

ભાવનગરમાં ચાલુ વર્ષે મહાન આચાર્યો તથા પૂજ્ય મુની ભગવંતોની પધરામણીથી જૈન સમાજમાં અત્યંત ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસ પ્રવર્તે છે. જૈન સંઘ ભાવનગરના ઉપક્રમે દરેક ઉપાશ્રયોમાં જુદી જુદી ધાર્મિક તપસ્યાઓ થઇ રહી છે. તેમાં શિરોમણીરૂપ ૮૨ દિવસનું મહાન તપ, ધર્મચક્ર તપ ૭૦૦ ભાઈ/બહેનો કરી રહ્યા છે. ૪૫ ઉપવાસ અને ૩૭ બેસણા તથા ધાર્મિક ક્રિયાઓ નિયમિત કરવાની હોય છે.

ભારતભરમાં એક જ સ્થળે આવી મોટી સંખ્યામાં આરાધકો તપસ્યા કરતા હોય તેવું ભાગ્યે જ બને છે. સાંજના બેસણા સમુહમાં સાથે બેસી થાય છે ત્યારનું દૃશ્ય અનેરૂ હોય છે. ભક્તિભાવથી દરેક તપસ્વીઓની સેવાભક્તિ અનેરી રીતે થાય છે. જેમાં જુદા જુદા મંડળોની ૧૦૦ બહેનો નિયમિત પીરસવા આવે છે. જુદા જુદા મંડળોના સ્વયંસેવકો વ્યવસ્થામાં મદદ કરવા આવે છે અને જૈન સંઘના અનુભવી અગ્રગણ્યો તથા ધર્મચક્રતપ કમીટીના સભ્યો બધી દેખરેખ રાખે છે. પૂ. મહારાજશ્રીઓ માંગલીક સંભળાવવા ખાસ નુતન આયંબીલ ભવન પધારે છે.

જૈનોનો ૩૬ કલાકનો ઉપવાસ હોય છે, તેમાં દીવસે જ સવારે ૮ થી સાંજે ૭ સુધી ફક્ત પાણી જ લેવાનું હોય છે ૩૬ કલાકે બે વખત દિવસમાં એક જ જગ્યાએ બેસી જમવાનું હોય છે. પછી ફરી ૩૬ કલાકનો ઉપવાસ કરવાનો હોય છે. શરૂઆતમાં ત્રણ દિવસના સળંગ ઉપવાસ, વચમાં એક ઉપવાસ, બીજે દિવસે બેસણું, છેલ્લે ત્રણ દિવસના સળંગ ઉપવાસ. આવી મહાન તપસ્યાઓ ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘના ઉપક્રમે અને પૂ. આચાર્ય વિજયદેવસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. પંન્યાસજી અને પ્રખર પ્રવચનકાર પ્રદ્યુમ્ન. વિજયજી મહારાજ અને મધુર વાણીથી જૈન જૈનેતરોને મુગ્ધ કરનાર પુ. મુનીરાજ શ્રી રત્નસુંદર-વિજયજી મહારાજની નિશ્રામાં સમગ્ર ભાવનગર શહેરના વિવિધ ઉપાશ્રયોમાં થઈ રહી છે.

અરિહંત પરમાત્મા આગળ આ ધર્મચક્ર હંમેશા જ્યારે ભગંત વિહરતા હોય છે તે વખતે આગળ ચાલે છે અને ધર્મચક્રપણુ સાબીત કરી આપે છે. પ્રતિકરૂપે આ તપની આરાધના અરિહંત પરમાત્માની કરવામાં આવે છે. આ ભવ્ય આરાધનાથી આત્મા તિર્થંકરનું સાનિધ્ય પ્રાપ્ત કરે છે.

વિશ્વના રેકર્ડરૂપ બે વર્ષ પહેલા ભાવનગરમાં પૂ૦ આચાર્ય વિજયચંદ્રોદયસૂરીશ્વરજીની નીશ્રામાં ભાવનગર જૈન સંઘના ઉપક્રમે સિદ્ધિ તપની મહાન તપસ્યા ૮૦૦ ભાવિકોએ કરેલ અને સમગ્ર જૈન

(અનુસંધાન પાના ૧૪૮ પર)

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only